# ॥ समण धम्म रसायणं ॥

: મૂળ-વૃત્તિ-ગુજરાતી ગદ્યાનુવાદ :

શ્રી નેમિ-અમૃત-પુણ્ય-સેવક
આ. શ્રી ધર્મધુરન્ધરસૂરિ મહારાજ

: મૂળ ગીત અનુસારી પદ્યાનુવાદ :

પાર્શ્વચન્દ્રગચ્છીય
ઉપાધ્યાયશ્રી ભુવનચન્દ્રજી મહારાજ


: પ્રકાશક :

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
અમદાવાદ-૧૪

વિ.સં. ૨૦૬૫ ઈ.સં.૨૦૦૯

# ॥ समणं [illegible] रसायणं ॥

: મૂળ-વૃત્તિ-ગુજરાતી ગદ્યાનુવાદ :

**શ્રી નેમિ-અમૃત-પુણ્ય-સેવક**

**આ. શ્રી ધર્મધુરન્ધરસૂરિ મહારાજ**

: મૂળ ગીત અનુસારી પદ્યાનુવાદ :

**પાર્શ્વચન્દ્રગચ્છીય**

**ઉપાધ્યાયશ્રી ભુવનચન્દ્રજી મહારાજ**

: શુભપ્રેરણા :

**આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.**

~~: પ્રકાશક :~~

**શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**

**અમદાવાદ-૧૪**

વિ.સં. ૨૦૬૫ ઈ.સં.૨૦૦૯

આવૃત્તિ : પહેલી, ફેબ્રુઆરી ૨૦૦૯

નકલ : ૫૦૦

મૂલ્ય : ૬૦-૦૦

**: પ્રાપ્તિસ્થાન :**

- **જિતુભાઈ કાપડિયા**
  અજંતા પ્રિન્ટર્સ
  ૧૪-બી, સત્તર તાલુકા સોસાયટી,
  પોસ્ટ : નવજીવન, અમદાવાદ - ૩૮૦ ૦૧૪.
  ફોન : (ઓ.)૨૭૫૪૫૫૫૭, (મો.) ૯૮૨૪૦૮૦૩૦૮

- **શરદભાઈ શાહ**
  ૧૦૨, વી.ટી. એપાર્ટમેન્ટ,
  દાદાસાહેબ પાસે, કાળાનાળા,
  ભાવનગર-૩૬૪૦૦૧. ફોન : ૦૨૭૮-૨૪૨૬૭૯૭

- **વિજયભાઇ દોશી**
  સી-૬૦૨, દત્તાણીનગર, બિલ્ડીંગ નં.-૩,
  એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ)
  મુંબઈ-૯૨. મો. ૦૯૩૨૦૪૭૫૨૨૨

: મુદ્રક :

કિરીટ ગ્રાફીક્સ : ૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ,
અમદાવાદ. મો. ૯૮૯૮૪૯૦૦૯૧

: શ્રુતલાભ :

સાધ્વીજીશ્રી હેમલત્તાશ્રીજી મ.ના
શિષ્યા
સાધ્વીજીશ્રી સુવિદિતાશ્રીજી મ.
આદિના ઉપદેશથી

શ્રી શાન્તાક્રુઝ (ઈસ્ટ)
તપાગચ્છ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ
મુંબઈ

નિવેદનમ્

॥ નમો નમઃ શ્રીગુરુનેમિસૂરયે ॥

# નિવેદનમ્.....

સમણ ધમ્મ રસાયણં અને તેની પ્રાકૃત ભાષામાં જ વૃત્તિ તથા મૂળ પ્રાકૃત દશ ગીતનો ગુજરાતીમાં ગદ્ય અનુવાદ પૂજ્યપાદ પરમોપકારી આ.મ.શ્રી વિજય ધર્મધુરન્ધરસૂરિ મહારાજે રચેલો હતો તે પ્રકાશિત કરવાના કોડ હતા જ. અને તે આજે પ્રકાશિત થાય છે. તેમાં દશમા બ્રહ્મચર્ય-ધર્મની જે આઠ કડીની રચના છે તેની એક કડીની પ્રાકૃત ભાષામાં વૃત્તિ હતી. બાકીની સાત કડીની પ્રાકૃત વૃત્તિ તથા આઠ કડીનો ગુજરાતી ગદ્ય-અનુવાદ બાકી હતો તે મારા મિત્ર અને મારા પ્રત્યે ખૂબ જ સ્નેહ વરસાવનાર ઉપા. શ્રી ભુવનચન્દ્રજી મહારાજે લખી આપ્યાં.

ગ્રન્થની આગળ મૂકવાનું લખાણ પણ તેઓએ કરી આપ્યું તે માટે તથા દશે યતિધર્મની પ્રાકૃત ભાષાની દશ રચનાની સમશ્લોકી ગુજરાતી પદ્યની રચના જે સાધ્વીજી મહારાજો સજ્ઝાય રૂપે પણ કહી શકે તે પણ કરી આપી, તે માટે આભાર ન

માનું તો મારું મન કોચવાય છે માનું તો એમને ન ગમે, માટે એ વાત ત્યાં જ મૂકી આગળ વધું એ માર્ગ છે.

આવી જ એક સુંદર રચના સોળ સતીના સોળ શ્લોક ત્રિભંગી છંદમાં રચ્યા છે. અને તે એક અંકમાં બે એ રીતે જૈનસિદ્ધાંત નામના સ્થાનકવાસી સંપ્રદાય હસ્તક પ્રકાશિત થતા માસિકમાં પ્રકાશિત પણ થયા છે તે મેળવવાની કોશિશ ચાલુ છે. તે મળશે એટલે ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરવાની ભાવના છે.

આ રચના - મૂળ, પ્રાકૃત વૃત્તિ અને ગુજરાતી ગદ્યઅનુવાદ આ.શ્રી ધર્મધુરન્ધરસૂરિજી મહારાજના શિષ્ય આ. શ્રી ધર્મધ્વજસૂરિ મહારાજ દ્વારા મળ્યું છે. તે જાણ વાચકોને કરવી જરૂરી લાગે છે.

આ પ્રકાશનનો લાભ શાન્તાક્રુઝ (ઈસ્ટ) તપાગચ્છ જૈન સંઘે લીધો છે જે ધન્યવાદને પાત્ર છે.

પરિશિષ્ટ રૂપે જે આ. જ્ઞાનવિમલસૂરિ મ.ની ૧૦ સજ્ઝાય તથા ઉપાધ્યાજીશ્રીની બત્રીસી અને અભય દોશીનું ગદ્ય લખાણ પણ જોવાની ભલામણ કરું છું.

કલ્યાણ (મહારાષ્ટ્ર)
જૈન ઉપાશ્રય,
પોષ સુદ-૬, વિ.સં. ૨૦૬૫

પ્ર.

# શ્રમણ ધર્મો :
# આત્મશુદ્ધિનું સૌમ્ય રસાયણ

શ્રમણજીવનમાં પાંચ મહાવ્રત પછી દશ શ્રમણધર્મોનું સ્થાન આવે છે : वय - समण धम्मे....। ચરણસિત્તરીનો એક પ્રમુખ ભાગ છે દશ શ્રમણધર્મો. પાંચ મહાવ્રતની વાડ લગાવ્યા પછી એમાં વાવવાનું - ઉછેરવાનું જે છે તે આ ક્ષમા, મૃદુતા, ઋજુતા આદિ ધર્મો જ.

બૌદ્ધ પરંપરાએ આ ધર્મોને દશ પારમિતા ગણાવી છે. પારમિતા એટલે પાર પહોંચાડનાર પરિબળો. જ્યારે આ દશેય ગુણો પૂરેપૂરા વિકસિત થશે ત્યારે જીવાત્માને નિર્વાણની ઉપલબ્ધિ થશે.

રસાયણો પુષ્ટિ-પરિષ્કાર-પરિવર્તનનું કામ કરતાં હોય છે. ક્ષમાદિ ધર્મો આત્મામાં એ જ કામ કરે છે. આત્માને પુષ્ટ કરે છે અને એનું રૂપાંતર કરતાં કરતાં એને પરમાત્મા બનાવે છે. એ દરમ્યાન તેની પ્રવર્તમાન સ્થિતિમાં અદ્‌ભુત પરિષ્કાર લાવી એના જીવનને પૂજ્ય-પાવન-પ્રશાંત બનાવી દે છે. આ ધર્મો શ્રમણના જીવનધ્યેય - જીવનાદર્શ તો છે જ કિંતુ જીવનમાંગલ્યના પણ સંવાહક છે એ પણ શાસ્ત્રોએ ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે. પાક્ષિકસૂત્રના પ્રારંભે કહેવાયું છે :

मम मंगलमरिहंता सिद्धा साहू सुअं च धम्मो अ ।
खंती गुत्ती मुत्ती अज्जवया मद्दवं चेव ॥

આ ગાથા ફોડ પાડીને કહે છે કે આ ધર્મો અરિહંતો અને સિદ્ધો અને સાધુની જેમ - એમની જોડાજોડ બેસે

એવા મંગળકારકો છે. ધર્મનું શરણ એટલે ક્ષાંતિ - માર્દવ - આર્જવ જેવા ધર્મગુણોનું શરણ. એ વંછિત પૂરે. કામ સુધારે અને માન વધારે એવા ધર્મના અંગો છે. વર્તમાનને વર્ધમાન કરે એવા છે.

શ્રમણ આ ધર્મોને આશરે, ઈશારે અને અણસારે જીવે છે. એ શ્રમણોની જીવનરીતિ છે, જીવનશૈલી છે, જીવનનીતિ છે. એ જ શ્રમણોની ઓથ છે, મૂડી છે અને શ્રમણ જીવનનાં મંડાણ પણ એના ઉપર જ હોય. વર્તમાનકાળે શ્રમણો અન્યાન્ય આધારો શોધવા સાધવા તરફ ઝૂકતા જણાય છે, તેનું કારણ આ સદ્ધર આધાર સાંપડ્યા નથી એ જ હોઈ શકે.

જેમ સંગીતકારનો આધાર સંગીત જ હોય, ચિત્રકારનો આધાર ચિત્રકળા જ હોય. સાચો સાહિત્યકાર 'હે કલમ, હું તારે ખોળે છઉં' એમ કહીને સાહિત્યની સેવા કરે. શ્રમણ આ શ્રમણધર્મોને ખોળે શીશ ઝુકાવે.

શ્રમણનું શ્રમણત્વ આ ધર્મ થકી છે. શ્રમણને આ જ જોઈએ, શ્રમણ આમાં જ આગળ વધવા ચાહે, શ્રમણ આમાં જ રાજી રહે.

समण धम्म रसायणं આ મહાન ધર્મોનું મહિમાગાન કરે છે. શ્રમણપુંગવ વિ. ધર્મધુરંધરસૂરિજીએ આ ધર્મોને જોઈ-જાણી-પિછાણી-માણીને જે કથ્યું છે તે મહત્ત્વનું જ હોય.

આના વાચન-મનન-પઠન થકી શ્રમણોના મન-વચન-જીવનમાં આ ધર્મો ખૂબ ખૂબ પ્રતિષ્ઠા - બે ય અર્થમાં - પ્રાપ્ત કરે અને એ રીતે શ્રમણધર્મનો જયજયકાર થાય એવી અભિલાષા.

વિરમગામ — ઉપા. ભુવનચંદ્ર

મા. વ. ૧, ૨૦૬૫

## : अनुक्रमणिका :


નિવેદનમ્ / આ. પ્રદ્યુમ્નસૂરિજી

શ્રમણ ધર્મો : આત્મશુદ્ધિનું સૌમ્ય રસાયણ / ઉપા. ભુવનચન્દ્રજી

१ (क्षान्तिः) - खंती - १ - ........................................ ४

२ मद्दवं (मार्दवम्) - २ - ........................................ ९

३ अज्जवं (आर्जवम्) - ३ - ........................................ १५

४ मुत्ती (मुक्तिः - निर्लोभता) - ४ - ........................................ २२

५ तवो (तपः) - ५ - ........................................ २८

६ संजमो (संयमः) - ६ - ........................................ ३२

७ सच्चं (सत्यम्) - ७ - ........................................ ३६

८ सोयं (शौचम्) - ८ - ........................................ ४२

९ आकिंचण्णं (आकिञ्चन्यम्) - ९ - ........................................ ४८

१० बंभचेरं (ब्रह्मचर्यम्) - १० - ........................................ ५४

૧૧ પદ્યાનુવાદ - ........................................ ૬૧- ૮૨

૧૨ પરિશિષ્ટ - ૧ - ........................................ ૮૩

૧૩ પરિશિષ્ટ - ૨ - ........................................ ૮૭

૧૪ પરિશિષ્ટ - ૩ - ........................................ ૧૦૬

પૂજ્યપાદ આચાર્ય
શ્રી ધર્મધુરંધરસૂરિ મહારાજ રચિત

# ''समण धम्म रसायणं''
# वित्ति कलियं

પૂજ્યપાદ આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિ મહારાજ રચિત

# "समण धम्म रसायणं"
# वित्ति कलियं

*सुरिंदाणं विंदं णमइ कमले जस्स चलणे,*
*सिया वाओ गीओ सयलणयगो जेण विमलो ।*
*समेसिं अत्थाणं परमसमरूवं जमणुगं,*
*णमंसामो सम्मं; समणदहधम्मं तमरिहं ॥ १ ॥*

*नमिऊण अरिहंतं, रसायणं समणधम्मसंभूअं ।*
*वागरमि पाइअणं सोपण्णं पाइअं गीअं ॥ १ ॥*

॥ वित्ती ॥

| | |
|---|---|
| जस्स | - बुद्धिड्डिअस्स भगवंतस्स । |
| कमले चलणे | - कमलाभिण्णेकमे, पायपउमे । |
| सुङ्करदाणं | - देवरायाणं । |
| विंदं | - स मुच्चओ । |
| णमइ | - पणामं कुणइ । |
| जेण सयलणयगो | - सव्ववियारपयारसरणो । |
| विमलो | - दूसणमेत्तमुत्तो । |
| सियावाओ | - अणेकंतवाओ गीओ - पयासिओ । |
| जं | - समेसिं अत्थाणं सव्वपयत्थाणं । |
| परमसमरूवं | - अक्किट्ठमवियलसरूवं । |

| | |
|---|---|
| अणुगं | - अणुहरणसीलं ? |
| सच्चं | - जहट्ठियं । |
| समणदहधम्मं | - दसविहचरित्तधम्मवं तं । |
| तं | - पुव्वंजंपण्ण पदंसिअं तं । |
| अरिहं | - अरिहन्तं भगवन्तं । |

**અર્થ :** *જેમનાં ચરણકમળમાં દેવેન્દ્રોનો સમૂહ નમન કરે છે, જેમણે નિર્મળ અને સકલ નયોનો સમન્વય સાધનાર સ્યાદ્વાદ ગાયો છે, સકલ પદાર્થોનું ઉત્તમ સમાન સ્વરૂપ જેમને અનુસરે છે, તે દસ પ્રકારના શ્રમણ ધર્મસ્વરૂપ અરિહંત પરમાત્માને સમ્યક્ પ્રકારે અમે નમન કરીએ છીએ.*

***खंती मद्दमज्जवं सुहयरं मुत्ती तवोसंजमो***
***सच्चं सोयमाकिंचणत्तमुचियं, बंभं पुणो जे दह ।***
***तेसिं रूवनिरूवणत्थमणहं सामण्णधम्मुत्तमं,***
***एयं धम्मरसायणं गयगयं साहिज्जए पाइए ॥***

**અર્થ :** *ક્ષાન્તિ[૧], માર્દવ[૨], આર્જવ[૩], સુખકર મુક્તિ[૪], તપ[૫] અને સંયમ[૬], સત્ય[૭], શૌચ[૮], અકિંચનતા[૯], બ્રહ્મચર્ય[૧૦] વગેરે જે દશ છે, તેનું સ્વરૂપ નિરૂપવા માટે પ્રાકૃત ભાષામાં આ રોગરહિત જે ધર્મરસાયણ છે તેને કહીશ.*

## (क्षान्तिः) - खंती - १

रमउ, मम मणहरे खंती, रमउ,
कोवानलपसमणकरणत्थं,
नवजलहर वरयंती ।।१।। रमउ.

खंती जइ करकमले विहिया,
निहया तइ खलकंती ।।२।। रमउ.

दूरे जेसिं खंती तेश्चिय,
भवगहणे णिवसंति ।।३।। रमउ.

विजियकसाया हियये खंती,
संसारे ण सरंति ।।४।। रमउ.

वीर जिणेणं चंडकोसिअं,
णीआ परमा संती ।।५।। रमउ.

कोवो कडुअरखो दुस्संखो,
खंती महुरा तंती ।।६।। रमउ.

खंती-पग्गहगहिया सवसं,
करणहया लहु जंति ।।७।। रमउ.

धम्मधुरंधर जिणवरचरिया,
खंती सइ विजयंती ।।८।। रमउ.

## ॥ वित्ती ॥

मम - मज्झ ।

मणहरे - चित्तमंदिरे ।

खंती - खमा ।

रमउ - विलसउ ।

१) कोवानलपसमणकरणत्थं - कोवो एव अनलो ।
कोवानलो, तस्स पसमणं तं करणत्थं - एयं विहणकए, कोहकिसाणुविज्झावणत्थं ।
नवजलहरयंती - अहिणवमेहमाला - आसाढमाससंभव-जलवरिसणसील - घणाघणराई - खंती इइ सेसो ।।१।।

२) जइ - जंकालं ।
खंती - पसमभावो ।
करकमले - पसत्थहत्थपउमे ।। विहियाकया ।
तइ - तं कालं ।
खलकंती - दुज्जणवयणप्पहा ।
निहया - नट्ठा, अक्खमेजणे दुज्जणाविलसंति, परं खमावंते संते
विक्खिउण - दुज्जणाणंवयणं कज्जल लेवलित्तं व कालं होइ-

**जं कहियं च -**

क्षमाधनुः करे यस्य, दुर्जनः किं करिष्यति,
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ।।

इइ ।।२।।

३) जेसिं - जंसकासा ।
खंती - उवसमो ।
दूरे - अणभण्णे, विप्पकिट्ठे ।
तेश्चिय - णूणं तेजणा ।
भवगहणे - संसारसरूवविकटवणम्मि ।
णिवसंति - वासं करन्ति ।।३।।

४) जसत्तिपुव्वमणुसंघेयं, हियये - अंते करणमज्झसे ।
विजियकसाया - कोहाइ कसंपराय पराजयं कुणंती
खंती - खमावट्टइत्ति सेसो ।
संसारे - भवम्मि ।
ण - णहि ।
सरंति - भमंति ।।४।।

५) वीर जिणेणं - चरमजिणेसरसिरिबद्धमाणसामिणा ।
चंडकोसिअं - चंडकोसि अतिप्रसिद्धणाम दिट्ठिविसविसहरं।
परमा संती - उत्तमा खमा ।
णीआ - पाविआ ।।
कहाणयमेयं पसिद्धं ।।५।।

६) कोवो - रोसो ।
कडुअरवो - कक्कससद्दकरो ।
दुस्संखो - दुट्ठोसंखो ।। दुट्ठसंखव्वकोहोकटुसद्दंकुणइ ।
खंती - खमाय ।
महुरा तंती - पियवयणकारिणी तंती, वज्ञविसेसेण-विक्खाया

तंती जहा महुरं वयइ तहा खमावि इइ रहस्सं ।।६।।

(७) खंती पग्गहगहिया - खमारूवसस्सि पग्गहिया ।।
करणहया - इंदियतुरंगमा ।
लहु - सिग्घं ।
सवसं - णिजवसं ।
जंति - गच्छंति ।
सच्छंदं ण वियरंति इइ भावो ।।७।।

(८) धम्मधुरंधर जिणवरचरिया -
सध्धम्मवसहतित्थयर सेविया ।
खंती - खमा ।
सइ - सयाकालं ।
विजयंति - विजयसीला - वट्टइत्तिसेसो ।।८।।

**અર્થ :**

*(૧) મારા મનરૂપ ઘરમાં ક્ષમા રમણ કરો. ક્રોધરૂપ અગ્નિને શાંત કરવા માટે, ક્ષમા એ જલભર્યા મેઘની પંક્તિ છે.*

*(૨) જો કરકમળમાં ક્ષમા ધારણ કરી છે, તો દુર્જનની કાંતિ નાશ પામી છે.*

*(૩) જેઓની ક્ષમા દૂર છે, તેઓ ખરેખર ભવરૂપ ભયંકર જંગલમાં વસે છે.*

*(૪) કષાયોને જીતનારી ક્ષમા (જેનાં) હૃદયમાં છે (તેઓ) સંસારમાં રઝળતા નથી.*

(૫) શ્રી મહાવીર પરમાત્માએ ચંડકૌશિક નાગને પરમ શાંતિ પમાડી હતી.

(૬) ક્રોધ એ કટુ અવાજ કરનારો દુષ્ટ શંખ છે અને ક્ષમા એ મધુર સ્વરવાળી સુંદર તંત્રી - વીણા છે.

(૭) ક્ષમારૂપી લગામથી ખેંચાયેલા ઈંદ્રિયોરૂપી અશ્વો પોતાને વશ થઈને શીઘ્ર ચાલે છે (યોગ્ય માર્ગમાં).

(૮) ધર્મની ધુરાને વહન કરવામાં વૃષભ સમાન જિનેશ્વરોએ સેવેલી ક્ષમા એ સદા વિજયવંતી વર્તે છે.

# मद्दवं ( मार्दवम् ) - २

## मद्दवमुपद्दवहरं जयइ

*जं विणु मयमयंगओ, दलइ - आयारामं ।*
*णामं णामं मद्दव सिणिणा णेइवसं तं मुणी कामं ।।१।। मद्दव.*

*संवच्छरसमयंसमणत्तं संसेवइ बलीबाहू ।*
*मद्दवमुवचरियं णहि जावं, ताव ण आसी सुसाहू ।।२।। मद्दव.*

*माणसेलसिहराओ पडिआ, ण लहंति सुहलेसं ।*
*विसीयंति सीयंति जं(यं)ति, निरयं परमकिलेसं ।।३।। मद्दव.*

*दहमुहपुहवीणाहो णट्ठो, जेण विणा संगामा ।*
*कंसो मणुयवतंसो वि उण सुहिया विहिय पणामा ।।४।। मद्दव.*

*मद्दवओ विणओ विणयेणं, णाणं तेण हि मुत्ती ।*
*सुहमवियलमत्थिमुत्तीइ, एसा पवरा जुत्ती ।।५।। मद्दव.*

*सुक्कयकट्ठसमो खलु माणो कट्ठमणंतं देइ ।*
*मद्दवपरसुविहियसयखंडो णियय विलयं एइ ।।६।। मद्दव.*

*मद्दववज्जं माणगिरिम्मि जइ निवडइ इगवारं ।*
*णामसेसी हूओ तया सो कत्थवि णवि दंसेइ वियारं ।।७।।*
*मद्दव.*

*सुत्ते मिउमद्दवसंपण्णे, मुणिणो सुहिया कहिया ।*
*मद्दवधम्मा धम्मधुरंधर पयसंपयमणुसहिया ।।८।। मद्दव.*

## ।। वित्ती ।।

१) वेत्ती - उपद्दवहरं - किलेससंहरणं ।
मद्दवं - मिउभावो ।
जयइ - सव्वविसेसेणं वट्टइ ।
जंविणु - जस्स विरहे ।
मयमयंगओ - मदमत्तो मयरूवो हत्थी ।
मयओ - अमरस्सओ ।
आयारामं - चेयणरूवमुज्ञाणं ।
दलइ - विणासेइ ।
मुणी - साहू ।
तं - मयमयंगयं ।
मद्दवसिणिणा - मद्दवरूवेण अंकुसेण ।
णामंणामं - णामिऊणणामिऊण ।
कामं - जहिच्छं ।
वसं - साहीणं ।
णेइ - पावेइ ।।१।।

२) बलीबाहू - बाहुबली सिरि आदिसरसुओ मुणी मुणी।
संवच्छर समयं - वरिसकालं जाव
समणत्तं - सामण्णं ।
संसेवइ - सुट्ठु चरइ ।
जावं - मद्दवं - मिउभावो ।
णहि - णखलु ।
उपचरियं - उपासियं ।

ताव - सुसाहू जह कखायचरियकलिओ साहू ।
ण आसी - ण अभू ।।२।।

३) माणसेलसिहराओ - माणपव्वचधत्थयओ ।
पडिआ - अहो गया ।
सुहलेसं सो - क्खकणं ।
ण लहंति - णाहिगच्छंति ।
विसीयंति - खेयमणुहवंति ।
सीयंति - पीलं पावंति ।
परम किलेसं - उक्किट्ठ कट्ठकलियं ।
निरयं - णरयगइं ।
जंति - गच्छति ।। ३ ।।

४) जेणविणा - मद्दवमंतरा ।
संगामा - समरओ ।
दुहमुहपुहवीणाहो - रावणणामो महीसरो ।
णट्ठो - णासमुवागओ ।
वि - आवि ।
उण - पुणो ।
मणुयवतंसो - णरसेहरो ।
कंसो - तहविह - पसिद्धणामो निवो ।
नट्ठो इइ अणुसंघेज्ज । विउण - इइ अग्गे विणेअं ।
विहिय पणामा कयण मुक्कारा ।
सुहिया - सुहकलिया सुट्टुहिया वा ।
जायत्तिसेसो ।।४।।

५) मद्दवओ - मिउभावाओ ।

विणओ - पहवया । पहवइत्तिसेसो । एवमग्गेवि ।

विणयेणं - पहभावेणं ।

णाणं - बोहो ।

तेणहि - णाणेण खलु ।

मुत्ती - परमपयं ।

मुत्तीइ - निस्सेयसपए । अवियलं - सासयं ।

सुहं - सुक्खं ।।

अत्थि - वट्टइ ।

एसा - उत्तपुव्वा मद्दवओ इच्चाइ ।

पवरा - उत्तमा, सव्वविसिट्ठा ।

जुत्ती - वयम्मिसुसंगतसंपायणा त क्कसंवलिया उत्ती ।

एवं हि मद्दवमुवचरणी यंति ।।५।।

६) खलु - णिस्संसयं ।

सुक्कयकट्ठसमो - रसरहियदारुवुल्लो ।

माणो - अहंयारो ।

अणंतं - अपरि मिअं ।

कट्ठं - दुक्खं ।

देइ - अप्पेइ ।

मद्दवपरसुविहियसयखंडो-मिउभावरूवकुठारकयाणेगभागो।

णियय्ं - णिच्छियं ।

विलयं - विणासं ।

एइ - गच्छइ ।

माणोदुरंतदुक्खदायगो मद्दवं पुणो माणविद्दवणयरंत्तिभावो ।।६।।

(७) जइ - जं ।

इगवारं - सइ ।

मद्दववज्जं - मिउभावकुलिसं ।
माणगिरिम्मिम-यपव्वयम्मि ।
णिवरुइ - पडइ ।
तया - सो - माणो ।
णामसेसीहूओ - विणट्ठो ।
कत्थवि - अगम्मिविथले ।
वियारं - णियविरूवरूवं ।
णवि दंसेइ - ण खलु दंसेज्ज ।। ७।।

८) सुत्ते-विवाहपण्णत्ति-कप्पसुजपमुहागमे-मिउमद्दवसंपण्णे
- कोमलहियययमिउभाव - परिकलिया ।
मुणिणो - साहुणो ।
सुहिया - सुहसंवलिया - सुट्ठुहियजुत्ता ।
कहियागीया ।
मद्दवधम्मा - मिउभावसरूवपरमधम्मओ ।
धम्मधुरंधर पयसंपयं - धम्मणाय - गाहियारसंपत्ति ।
अणुसहिया - पत्ता ।। ८।।

**અર્થ :**

*ઉપદ્રવને દૂર કરનાર માર્દવગુણ જયવંત વર્તે છે.*

*(૧) જે માર્દવ સિવાય માનરૂપ મદોન્મત્ત હાથી, આત્મારૂપી બગીચાને છેદીભેદી નાંખે છે, તેને મુનિ, માર્દવરૂપી અંકુશથી નમાવી નમાવીને સારી રીતે વશમાં લે છે.*

*(૨) બાહુબલિ મુનિવરે વર્ષ સુધી સાધુપણું સારી રીતે પાળ્યું પણ જ્યાં સુધી માર્દવ ન આવ્યું ત્યાં સુધી કેવળજ્ઞાન ન મળ્યું-સુસાધુ ન બન્યા.*

(૩) માનરૂપી પર્વતના શિખર પરથી પડેલા જીવો, અંશમાત્ર સુખને પ્રાપ્ત કરતા નથી. વિષાદ કરે છે. સીદાય છે, ને પરમદુ:ખયુક્ત નરકાદિ દુર્ગતિમાં જાય છે.

(૪) માર્દવ વગર - રાવણ જેવો રાજા રણમાં રોળાયો અને એ જ પ્રમાણે મનુષ્યશ્રેષ્ઠ કંસ પણ નાશ પામ્યો. જેઓ એ માર્દવ ગુણથી નમ્રતા ધારણ કરી નમ્યા, તેઓ સુખી થયા.

(૫) માર્દવથી વિનય આવે છે, વિનયથી જ્ઞાન આવે છે, જ્ઞાનથી મુક્તિ મળે છે. શાશ્વત સુખ મુક્તિમાં છે. આ પ્રમાણે માર્દવ એ પરમ સુખદાયક છે, એ યુક્તિયુક્ત છે.

(૬) માન એ સૂકા લાકડા સમાન છે અને અનંત દુ:ખ આપનાર માર્દવરૂપ કુહાડાથી તેના નાના નાના સેંકડો ટુકડા કરવામાં આવે છે ત્યારે તે તુરત જ નાશ પામે છે.

(૭) માનરૂપ પર્વત પર જોકે એક જ વાર માર્દવરૂપ વજ્ર પડે છે તો નાશ પામેલ તે કોઈપણ સ્થળે વિકારને દેખાડતો નથી.

(૮) શાસ્ત્રમાં મુનિઓને 'મિઉમદ્દવસંપણ્ણે' માર્દવગુણ સહિત કહ્યા છે. તેવા મુનિઓ સ્વપરનું હિત સાધે છે, સુખી થાય છે અને માર્દવગુણે કરીને ધર્મધુરંધર પદસંપદાને પ્રાપ્ત કરે છે.

## अज्जवं ( आर्जवम् ) - ३

( देशी-परतीर्थी परना सुर जेणे चैत्यग्रह्या वळी जेह )

चेयण? अज्जवमज्जउ सरलं; चेयण-
अज्जवमउलं विउलं जेणं, हियये धरियं णिच्चं
सइ संपज्जइ सयला सिद्धी सिज्झइ तस्स सुकिच्चं ।। १ ।।
चेयण.

मायामच्चुअज्जवममयं उभयं खु दिणरत्ती ।
जस्स मणंगणु जत्थ विलग्गं, तस्स तंहा फलपत्ती ।। २ ।।
चेयण.

संसारम्मि मायामग्गो वंको वंकं जाइ ।
सरलो अज्जवमग्गो गच्छइ, गेहं मुत्तिरमाइ ।। ३ ।। चेयण.

माया महसप्पिणी सप्पइ बहुजीहा अइदप्पा ।
विसं वमइ, एयं हणइ, अज्जवगरुल महप्पा ।। ४ ।। चेयण.

माया णियमायं दंसिता, करिसइ पढमं लोगं ।
दुहजालम्मि ता पाडित्ता, अप्पइ पइपयसोगं ।। ५ ।। चेयण.

गत जम्मम्मि मल्लिजिणेणं, तवमइतिव्वं तत्तं ।
जिणवर गुत्तं णिचियं तहवि, थित्तणिअईयपत्तं ।। ६ ।। चेयण.

णियई विगईदुग्गईजणणी, जणयइ संरिउभावो ।
संतावो सययं णियईइ अज्जवओ सुहभावो ।। ७ ।। चेयण.

मायामोह-तमोहतमोहं, एयं पइजइ जागरइ ।
धम्मधुरंधरवरगुणसत्तं, मुत्तिवहू लहुवरइ ।। ८ ।। चेयण.

## ।। वित्ती ।।

वित्ती - चेयण? - जीय? सरलं - सरलया - जुत्तं ।
अज्जवं - रिउभावं ।
अज्जउ - समज्जउ ।।
१) जेणं - जेणप्पणा ।
णिच्चं - सया ।
अउलं - अतुल्लं ।
विउलं - वित्थिण्णं ।
अज्जवं - उउभावो ।
हियये - अन्तकरणमज्झे ।
धरियं - रक्खियं ।
तस्स - तस्सप्पणो ।
सइ - पइदिणं ।
सयला - सव्वा ।
सिद्धि ।
कज्जणिट्ठा ।
संपज्जइ - जायइ ।
सुकिच्चं - साहुकज्जं सिज्जइ - संपण्णं हवइ ।।१।।

२) माया - णियई ।
मच्चू - मरणं ।
अज्जवं सरलत्तं - ।
अमयं - पीऊसं ।
उभयंखुमाया अज्जवं य दुवे णूणं ।

दिणरत्ती - वासररयणी, माया णिसा, अज्ञवं य अहं ।
णणु - हि ।
जस्स - अणिद्दिट्ठस्स कस्सवि ।
मणं - चेअं ।
जत्थ - मायाइ अहवा अज्ञवे ।
विलग्गं - आसत्तं ।
तस्स तहा - तहप्पयारा ।
फलपत्ती कुसला - कुसलाइपरिणामुप्पत्ती
जायइत्ति सेसा ।

३) मायामग्गो - णियइपहो ।
वंको - कुडिलो - संसारम्मि - भवे ।
वंकं - कुडिलं ।
जाइ - वच्चइ ।
सरलो - सुद्धो ।
अज्ञवमग्गो - रिउभावसरणी ।
मुत्तिरमाइ - सिवलच्छीइ ।
गेहं - मंदिरं ।
गच्छइ - एइ ।

४) माया - णियई ।
बहुजीहा - अणेगरसणा - अइदप्पा - महगव्विट्ठा ।
महसप्पिणी - महईणागी ।
सप्पइ - संसरइ ।
विसंगरलं च ।

वमइ - णिक्कासइ ।
एयं - तंमायां महसप्पिणिं ।
अज्ञवगरुल - महप्पाअज्ञवो खगवइरूवो विसिट्टप्पा ।
हणइ - विणासेइ ।

५) माया - वक्कया ।
पढमं - पुव्वं ।
णियमायं - सुवविलासं ।
दंसित्ता - दंसिउणं ।
लोगं - जणं ।
करिसइ - णियसम्मुहंकरइ ।
ता - तओगपच्छा ।
दुहजालम्मि - कट्ठपासम्मि ।
पाडित्ता - खेविउणं ।
पइपयसोगं - खणखणविसायं ।
अप्पइ - देइ ।।

६) मल्लि जिणेणं - एगुणविंसतित्थपइणा ।
गयजम्मम्मि - पुव्वभवे ।
अइतिव्वं - सुदुक्करं ।
तवं - छट्ठट्ठमाइयं तवं - तत्तंचरियं ।
तेणं - जिणवरगुत्तं - तित्थयरणामकम्मं ।
णिचियं - दढबंधणबद्धं ।
तहवि - एवमवि ।
णियईइ - मायाणुभावा ।
थित्तं - इत्थिरद्धं त्तं - लध्धं ।

पसिद्धमेवं वुत्तं तं जं मायाइ मित्ते वंचिऊण - महियं तवं कयं पुव्वज्ञमे तप्पहावा जिणोऽभू मल्लीणाहो परं मायाइ थीसरीरं संपण्ण मच्छेरयभूअं ।

(७) णियइं - माया ।
दुग्गइजणणी - दुद्धवदाइणी ।
विगइ - वियांरसरूवा ।
अत्थि - त्ति सेसो ।
रिउभावो - अज्ञवं ।
सं - कुसलां जणयइ - उप्पायेइ ।
णियईइ - मायाइ ।
सययं - णिरंतरं । संतावो - परितावो ।
होइत्ति ।
अज्ञवओ - उउभावाओ ।
सुहभावो - कुसलपरिणामो ।
इवइत्ति ।।

(८) मायामोहतमोह तमोहं - णियइमोहंधयारणियरदिणयरं ।
एयं - अज्ञवं ।
जइ ।
जागरइ विणिद्दं वट्टइ ।
ता - धम्मधुरंधर वरगुणसत्तं - धम्मुत्तम पहाणज्ञ वरूवगुणपसत्तंचेयणं ।
लहु - सिग्घं ।
मुत्तिवहू - सिवरमणी वरइ - परिणयइ ।।

**અર્થ :**

ચેતન ! સરલ એવા આર્જવનું ઉપાર્જન કર.

(૧) જેણે હંમેશાં હૃદયમાં અજોડ અને વિસ્તારવાળું આર્જવ (સરલતા ગુણ) ધારણ કર્યું છે, તેને સદા સકલ સિદ્ધિઓ મળે છે; તેનાં શુભ કાર્યો સદા સિદ્ધ થાય છે.

(૨) માયા એ મૃત્યુ છે અને આર્જવ એ અમૃત છે. માયા એ રાત્રિ છે અને આર્જવ એ દિવસ છે. જેનું મન જેમાં વળગ્યું છે તેને તેવું ફળ પ્રાપ્ત થાય છે. (સરળતાથી સારું અને માયાથી માઠું).

(૩) વાંકો માયાનો માર્ગ વાંકો વાંકો સંસારમાં જાય છે અને સીધો સરળતાનો માર્ગ મુક્તિ-સ્ત્રીને ઘરે પહોંચે છે.

(૪) ઘણી જીભવાળી અને અતિશય ગર્વભરી માયારૂપ મહાનાગણ સર્ સર્ કરતી સરે છે અને વિષને વમે છે. આર્જવરૂપ મહાત્મા- ગરુડ એ નાગણને હણી નાંખે છે.

(૫) માયા પોતાની માયા દેખાડીને પ્રથમ લોકને ખેંચે છે ને પછી દુઃખજાળમાં પાડીને ડગલે ને પગલે શોક-દુઃખ આપે છે.

(૬) મલ્લિનાથ પ્રભુએ પૂર્વજન્મમાં અતિશય દુષ્કર તપ તપ્યું હતું અને તીર્થંકર નામકર્મ નિકાચ્યું હતું, છતાં માયાને પ્રભાવે સ્ત્રીરૂપે ઉત્પન્ન થવું પડ્યું હતું.

(૭) માયા એ વિકૃતિ છે અને દુર્ગતિને દેનારી છે. જ્યારે આર્જવ એ સુખને, કુશલને ઉત્પન્ન કરનાર છે. માયાથી સતત સંતાપ થાય છે અને સરળતાથી શુભભાવ થાય છે.

(૮) માયામોહરૂપ અંધકારના ઓઘને ટાળવા માટે સૂર્યસમાન એવું આર્જવ જગતમાં જાગતું છે. ધર્મમાં પ્રધાન અને શ્રેષ્ઠ એવા આર્જવ ગુણમાં આસક્ત પ્રાણીને મુક્તિ-સ્ત્રી શીઘ્ર વરે છે.

## मुत्ती ( मुक्तिः - निर्लोभता ) - ४

मुत्तिमुत्तामालं - धरह - जइ इच्छह सिवबालं धरह -
गुणमणिजुत्ता मुत्तिमाला, अप्पइ सुहं विसालं ।
हियये जस्स ठिआ सो जयइ लोहं हंत करालं ॥ १ ॥ धरह.

अईव विरूवा तण्हाजाला पण्णं पकुणइ कालं ।
पसमेइ घणपंती मुत्ती तं, तण्हं विसमविआलं ॥ २ ॥ धरह.

लोहपिसाओ हणइ सायं णेइ तहा वहजालं;
णिहणइ तं मुत्ती महदेवी, मऊरवहू जह वालं ॥ ३ ॥ धरह.

जहजह लाहो लोहो, तहतह वड्ढइ पलंबफालं ।
तस्स ण अंतो दीसइ कत्थवि हवइ भमो चिरकालं ॥४ ॥ धरह.

कविलमुणिण्णा सच्चं गीयं, अमयसमाणं सालं ।
मासजुयलकणयस्सविकज्जं करिउं कोडीनालं ॥ ५ ॥ धरह.

मुत्तिविमुत्तासत्ता सययं पविसंति पायालं;
आरूहंति गुरुगिरिसिहरम्मि जलं तरंति विसालं॥ ६ ॥ धरह.

मुत्तीइ चत्तं चंकमिऊणं, करइ जणं कंकालं;
लोहो हा ! हा ! रक्ख सरूवो णच्चइ्गाइ सतालं॥ ७ ॥
धरह.

तोससंतोसासुयामुत्तीइ, दंति भवं जीहालं ।
धम्मधुरंधरपय पत्तीइ, धरह मुत्तिवरमालं ॥ ८ ॥ धरह.

## ॥ वित्ती ॥

मुत्तिमुत्तामालं - णिल्लोहयारूवमुत्ताहलमालं ।
धरह - हिययेरक्खह -
जइ - जं ।
सिवबालं - मुत्तिकुमारिं ।
इच्छइ - अहिलसह ।
ता - धरह -
१) गुणमणिजुत्ता - दयादाणपमुहगुणरयणकलिया ।
मुत्तिमाला - णिल्लोहयारूवामाला ।
विसालं - वित्थिण्णं ।
सुहं - सुक्खं ।
अप्पइ - पयच्छइ ।
जस्स - बुद्धिड्डिअस्स ।
हियये - अंतःकरणे ठिआ - ठिइं गया ।
सो - सोजणो ।
हंत - णूणं ।
करालं - भयावहं ।
लोहं - सव्व पावमूल भुअं तुरियं कसायं ।
जयइ - णिग्गिण्हइ ।

२) अईवविरूवा ।
अइसयेण दुद्दंसणा ।
तण्हाजाला - लालसारूवा अग्गिसिहा ।
पण्ह - मइं ।

कालं - मलिणं ।
पकुणइ - संपायेइ ।
तं तण्हं - तारिसिं लोलुअअं ।
मुत्तीं - धणपंती - णिल्लोभयोरूवा ।
मेहमाला ।
पसमेइ - विज्झाएइ ॥

३) लोहपिसायो - लोहरूवोवंतरविसेसो सायं - सुक्खं ।
हणइ - विणासेइ ।
तहा - पुणो ।
वहजालं - हणणसंघायं, घायपासं वा ।
णेइ - पावेइ ।
तं - लोहपिसायं ।
मुत्ती महदेवी - णिल्लोभयारूवा परमा भगवई ।
णिहणइ - मारेइ ।
जह - जंपयारेण वालं - सप्पं ।
मऊरवहू - मऊरी ॥

४) जह जह - जहा जहा ।
लाहो - पत्ती ।
तह तह - तहा तहा ।
पलंब कालं - वेगेण ।
लोहो - मणोरहो ।
वड्ढइ - उवचिओ होइ ।
तस्स - लोइस्स ।
कत्थवि - करिंसपि थले ।

अंतो - पज्जंतो ।

ण - णहि ।

दीसइ - विलोएइ ।

हवइ - जायइ ।

भमो - भमणं ।

चिरकालं - दीहसमयं ।

लोहेणजणो तुइरं - संसारे संसर इत्ति ।।

५) कविलमुणिणा - कविलत्तिपसिद्धणामेणं केवलिणा ।

अमयसमाणं - सुहासमं ।

सच्चं - तच्चं ।

सालं - मणोरमं ।

गीयं - गानविसयमापाइयं ।

किंतं-तं आहमासजुयलकणयस्सवि-दोसमाससुवण्णस्सअवि ।

कज्जं - किञ्चं ।

करिउं - साहेउं ।

कोडी - लक्खसयमवि ।

नालं - णसमत्था ।

कविकेवलिणो वुत्तमुत्तरज्झयणाओविण्णेयं ।

६) मुत्तिविमुत्ता - णिल्लोहयारहिया ।

सत्ता - चेयणा ।

पायालं - अहं ।

पविसंति - गुरुगिरिसिहरम्मि - महपव्वयमत्थये

आरुहंति रोहणं कुणंति ।

विसालं जलं - पहूअंपाणीयं, सायरंत्तिजावं ।

तरंति - विगाहंति ।
णिल्लोभयाइ अभावाजणा किं-किं ण करेंति त्ति भावो।

७) लोहो - अहिलासो ।
मुत्तीइ - णिल्लोभयाइ - संतोसेणं ।
चत्तं - दूरीकयं ।
जणं - जीवं ।
चंकमिऊणं - कमित्ता ।
कंकालं - अट्ठिमत्त - वसिद्दकायं, मयप्यायं ।
करइ - संपायइ ।
तयणंतरं, गाइ - गाणं कुणइ ।
सतालं - तालसहियं ।
णच्चइ - लास्सं - विहेज्ज ।

८) तोससंतोसा - हरिस - तत्तिरूवा ।
मुत्तीइ - णिल्लोभयाइ ।
सुया - तणया ।
जीहालं - लंबजीहं, दीहं ।
भवं - संसारं भवं - संसार चउग्गइरूवंभवं ।
दंति - छेयंति ।
धम्मधुरंधर पयपत्तीइ - धम्मसिरमणिसमं विसिट्ठं गणं लद्धुं।
मुत्तिवरमालं - णिल्लोभयासुन्दरमालं ।
धरह - कंठे रक्खह ।

**અર્થ :**

જો મુક્તિસ્ત્રીને વરવાની ઇચ્છા હોય તો મુક્તિ - નિર્લોભતારૂપ માળાને ધારણ કરો !!

(૧) ગુણરૂપ મણિથી યુક્ત એવી મુક્તિમાળા વિશાળ સુખને આપે છે અને તે માળા જેના હૃદય પર રહે છે, તે ભયંકર એવા લોભને જીતે છે.

(૨) અતિશય કારમી તૃષ્ણારૂપ જ્વાળા મતિને કાળી-મલિન કરે છે. સંધ્યા સમી તે તૃષ્ણાને મુક્તિરૂપ મેઘપંક્તિ શાંત કરે છે.

(૩) લોભરૂપ પિશાચ સુખનો નાશ કરે છે ને વધજાળમાં જીવને લઈ જાય છે. મુક્તિરૂપી મહાદેવી, જેમ મયૂરી સાપને મારી નાખે છે, તેમ લોભપિશાચને મારી નાંખે છે.

(૪) જેમ જેમ લાભ વધે છે; તેમ તેમ મોટી ફાળ ભરતો લોભ પણ વધે છે અને તે વધેલા લોભનો થોભ - અંત ક્યાંય દેખાતો નથી. લાંબા કાળ સુધી, તેથી જીવ જીવમાં ભળે છે.

(૫) અમૃત સમાન મનોહર એવું ગીત કપિલ કેવળીએ ખરેખર સાચું ગાયું છે - બે માસ સોનાથી થતું કાર્ય કરવાને એક ક્રોડમાસ સોનું પણ પૂરતું ન થયું.

(૬) મુક્તિથી મુકાયેલા જીવો હંમેશાં પાતાળમાં પેસે છે, મોટા પર્વતોના શિખર પર ચડે છે ને વિશાળ સાગરને તરે છે.

(૭) અરેરે! રાક્ષસરૂપ લોભ મુક્તિથી તરછોડાયેલાને પછાડીને હાડપિંજર જેવો કરી મૂકે છે ને પછી નાચ-ગાન-તાન કરે છે.

(૮) લાંબા ભવને મુક્તિના તોષ-સંતોષરૂપ પુત્રો છેદી નાંખે છે. ધર્મ-ધુરંધર પદ પ્રાપ્ત કરવા માટે કંઠે મુક્તિરૂપી માળાને ધારણ કરો!!

## तवो ( तपः ) - ५

*वंदे तव मंगलमुक्किट्ठं - वंदे -*

*जिणवर गणहर सिट्ठं - वंदे -*

*दव्व तवो वियरइ संभुत्तिं, जुत्तिजुत्तं दिट्ठं । वंदे १*

*भावतवो मुत्तिं वित्थरइ, हरइ विग्घमरिट्ठं । वंदे २*

*अणसणमूणोयरिया वित्ति, -संखेवो वि गरिहं । वंदे ३*

*रसचाओ कायस्स किलेसो, संलीणयां य बहिट्ठं । वंदे ४*

*पायच्छित्तं विणओ गुणीणं, वेयावच्चं सिट्ठं । वंदे ५*

*सज्झाओ झाणं उस्सग्गो, तवमब्भिंतरमिट्ठं । वंदे ६*

*गोयमविण्हुधण्णमुहेहिं तत्तं तव वरिट्ठं । वंदे ७*

*धम्मधुरंधर तव मंगलओ, पत्तं सुहमइमिट्ठं । वंदे ८*

## ॥ वित्ती ॥

वंदे - णमामि ।
जिणवरगणहरसिद्धं - तित्थंयरगणवइ समुवइट्ठं ।
उक्किट्ठंसव्वप्पहाणं ।
तवमंगलं तवरूवमंगलं ।
१) दव्वतवो - दव्वरूवतवो ।
संभुत्ति - भोगुवभोगं ।
वियरइ - देइ ।
एयं ।
जुत्तिजुत्तं - तक्कसंगयं ।
दिट्ठं - णायं ॥

२) भावतवो - अंतरंगरंगसंगयो तवो ।
मुत्तिं - परमपयं ।
वित्थरइ - पसारेइ ।
अरिट्ठं - दुट्ठं ।
विग्घं - अवायं, अमंगलं ।
हरइ - अवणयइ ॥

३) अणसणं - भोयणश्चाओ ।
उणोयरिया - अप्प भोयणं ।
वि - अवि ।
वित्तिसंखेवो - ईहा परिमीई ।
एयं तवं गरिट्ठं - महं ॥

४) रसचाओ - विगइ परिश्चाओ ।
कायस्स - किलेसो - सरीरकट्ठसहणं
संलीणया - अंगुवंगसंकोयणरूवा ।
य - पुणो ।
बहिट्ठं - बहिट्ठिअं, अणसणाइच्छविहं बज्झं - तवमिइं ।।

५) पायच्छित्तं - खलणाइसुद्धी ।
विणओ - णम्मया ।
गुणीणं - गुणजुत्ताणं ।
पयमिणंउभयओ संजुज्जइ ।
वेयावच्चं सेवाइयं ।
सिट्ठं - विसिट्ठं ।।

६) सज्झाओ - वायणाइपंचविहज्झयणपयारे ।।
झाणं - मणं थिरं काउणं चिंतणं ।
उस्सग्गो - सरीराइममत्तबंधवज्जणं ।
एयं छव्विहं ।
अब्भिंतरं - आंतरं ।
तवं - इट्ठं - अभिट्ठं ।

७) गोयमविण्हुधण्णमुहे हिं-सिरिगोयमगणहरसामि - विण्हुकुमार - धण्णणगारपमुहे हिं ।
तवं - णिज्जराइविसिट्ठसाहणं ।
वरिट्ठं पवरं ।
तत्तं - चरियं ।।

८) धम्मधुरंधर तव मंगलओ - धम्मपवर तवरुप मंगलाओ ।

पुव्वुत्तमुणिहिं अण्णे हिं य ।
अइ मिट्ठं - अइसयेणं - मिट्ठं ।
सुहं - सुक्खं पत्तं - अहिगयं ।।

**અર્થ :**

*જિનેશ્વરોએ અને ગણધરોએ કહેલા ઉત્કૃષ્ટ તપરૂપ મંગલને હું વંદન કરું છું.*

*(૧) દ્રવ્યતપ ભોગોને આપે છે, એ યુક્તિયુક્ત જાણ્યું છે.*

*(૨) ભાવતપ મોક્ષને આપે છે અને અનિષ્ટ વિઘ્નોનો નાશ કરે છે.*

*(૩) અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ પણ મોટાં તપ છે.*

*(૪) રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા - એ પ્રમાણે સર્વ મળી છ પ્રકારે બાહ્યતપ છે.*

*(૫) પ્રાયશ્ચિત્ત, વિનય ગુણીઓનો અને વૈયાવચ્ચ એ શ્રેષ્ઠ છે.*

*(૬) સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ એમ છએ અભ્યંતર તપ ઇષ્ટ છે.*

*(૭) શ્રી ગૌતમસ્વામીજી, વિષ્ણુકુમાર, ધન્યમુનિવર વગેરેએ ઉત્તમ તપ તપ્યું.*

*(૮) ધર્મમાં શ્રેય એવા તપ-મંગલથી અતિશય મિષ્ટ એવું સુખ પ્રાપ્ત થાય છે.*

## संजमो ( संयमः ) - ६

*संजम सइण्णवइं बलवंतं-अणुहर-मोहं झत्ति जयंतं-अणुहर-संजम*

*संजमगुत्तिगुत्ता सत्ता,*
*ण भमंतीह दुरंतं । अणुहर १*

*जाव ण दुद्दम कसाय विरामो*
*ताव ण चरणं कंतं । अणुहर २*

*अविरइ वियरइ दुक्खं णियमा,*
*विरई सुक्खमणंतं । अणुहर ३*

*लवसत्तमलच्छी पुंडरीयं,*
*वरइ विरइरइवंतं । अणुहर ४*

*माघवई वरइ कंडरीयं*
*दुश्चरणम्मि रमंतं । अणुहर ५*

*अव्वयकुहरे वयपव्वयओ*
*पाइ ण कोइ पतंतं । अणुहर ६*

*णाहि हवइ तं कोइ किलेसो,*
*वयसिहरे णिवसंतं । अणुहर ७*

*सत्तरइ चरियं चरियं जेणं,*
*थुणिमो धुरंधरं तं । अणुहर ८*

## ॥ वित्ती ॥

बलवंतं - समत्थं।
झत्ति - सिग्धं ।
मोहं - रागाइ कसायं ।
जयंतं - अवाकरंतं ।
संजम सइण्णवइं - चरणरूवसेणाणायमं - अणुहर - भगुगच्छ, तदणुसरणसीलो, भवति जाव ॥

१) संजमगुत्तिगुत्ता - चरित्तरक्खणरक्खिया सत्ता - पाणिणो ।
इह - अत्थ संसारे ।
दुरन्तं - दुट्ठु अन्तो जस्स तं संसारं ।
ण भमंति - णखलु परिअडंति ।

२) जाव - जावसमयं ।
बारकसायविरामोअणंताणुबंधि-अपच्चक्खाण-पच्चक्खाण-कोहमाणमायालोहरूवदुदम - सकसायाणं पसमो ।
ण - णजाओ इइ सेसो ।
ताव - तावसमयं ।
चरणं - चरित्तं ।
कंतं - सुन्दरं जह ट्ठिअं ।
ण - ण खल होइ ॥

३) अविरई - चरणविरहो ।
णियमा - णिरयवायं ।
दुक्खं - कट्ठं ।
वियरइ - देई ।

विरई - चरणं ।
अणंतं - अपरिमिअं - सुक्खं - आणंदं
देइत्ति - सेसो ।

४) विरइरइवंतं - चरणधरणसरसियं ।
पुंडरीयं - तण्णामं ।
लवसत्तमलच्छी - सव्वत्थसिद्ध पसिद्ध पंचमणुत्तरसुरसिरी ।
वरइ - अहि गच्छइ ॥

५) दुश्चरणम्मि - विसयकसाय जणिय भोगविलासम्मि ।
रमंतं - पसत्तं ।
कंडरीयं - तहामहि याणं ।
माधवई - सत्तमा तमातमा पुहवी ।
वरइ-पावइ पुंडरीय कंडरीय-कहाणायाधम्म कहाओ उण्णेया ।

६) वयपव्वयओ - चरणणगाओ ।
अव्वयकुहरे - अविरमणरूवघोरन्धयारकूवाम्मि ।
पतंतं - अहो - गच्छंतं ।
कोइ - कश्चणो वि ।
ण पाइ - ण खलु रक्खइ ॥

७) वयसिहरे - णिसम गिरिमत्थेय ।
णिवसंतं - ठिइं कुणंतं ।
कोइ किलेसो कश्चणोविपरितावो ।
णाहि हवइ - न पीलइ ।
८) सत्तरहचरियं - सत्ताहियदसहविहं चरित्तं ।
जेणं - जेणप्पणा ।

चरियं - सेवियं ।
तं - तारिसं ।
धुरन्धरं - सिट्ठं चेयणं ।
थुणिमो - णुमो ।।

**અર્થ :**

*શીઘ્ર મોહને જીતતા એવા બળવાન સંયમરૂપ સેનાધિપતિને અનુસારે*

*(૧) સંયમના રક્ષણથી રક્ષાયેલા જીવો દુરંત એવા સંસારમાં પરિભ્રમણ કરતા નથી.*

*(૨) જ્યાં સુધી બાર કષાય શાંત થયા નથી, ત્યાં સુધી મનોહર ચરિત્ર હોતું નથી.*

*(૩) અવિરતિ ખરેખર દુઃખ આપે છે અને વિરતિ અનંત સુખ આપે છે.*

*(૪) વિરતિ અનુરાગવાળા પુંડરિકને અનુત્તરવિમાનની લક્ષ્મી વરે છે.*

*(૫) અવિરતિમાં આસક્ત એવા કંડરીકને માઘવતી સાતમી નારકી વરે છે.*

*(૬) વ્રતપર્વત ઉપરથી અવ્રતના અંધારા કૂવામાં પડતાને કોઈ બચાવતું નથી.*

*(૭) વ્રતપર્વતના શિખર પર વસતાને કોઈ સંકટ સતાવતું નથી.*

*(૮) સત્તર પ્રકારે સંયમને જેણે સેવ્યું છે એવા શ્રેષ્ઠ સંયમીને અમે સ્તવીએ છીએ.*

## सच्चं ( सत्यम् ) - ७

सच्चवयं जियसव्वभयं - वयउ - सच्च -
कोहलोहभयहासपसंगा सेवइ वयणमसच्चं
जेण जणो लहइ महदुक्खं वच्चइ गइं अवच्चं ।। १ ।। सच्च.

जहिट्ठिलो सच्चवयणओ धम्मणिवत्ति पसिद्धो
वसुराओ मुसावायाओ, णरयं पगओ गिद्धो ।। २ ।। सच्च.

दत्तपदत्तामरणभया वि सच्चं णहि संचत्तं;
कालयसूरिणा सेयं वरियं सुरसुहमविसंपत्तं ।। ३ ।। सच्च.

सच्चंपइट्ठाणो जिणधम्मो मच्च अमच्चसमच्चो;
अहमीऽहम्मो सच्चपइट्ठो पीलइ लोयमवच्चो ।। ४ ।। सच्च.

सव्वसमय समरूवं सूणियं णेइ जणं सुहमिट्ठं ।
खणखणभिन्नसरूवं अणियं अप्पइ कट्ठमणिट्ठं ।। ५ ।। सच्च.

मुसामूसओ जसमंजूसं कत्तइ मंदं मंदं;
सच्चं सच्चफणींदं पच्चा णस्सइ कंदं कंदं ।। ६ ।। सच्च.

सव्ववए गिण्हंतु सव्वओ ण कओ जाव मुसंतो;
हवइ तावं सव्वं विहलं सेट्ठिसुओ दिट्ठंतो ।। ७ ।। सच्च.

मुसावयम्मि रये दुम्मणुये लोयो कुणइ धिद्धी
धम्मधुरंधरसच्चवयाओ रिद्धीसिद्धिपसिद्धी ।। ८ ।। सच्च.

## ॥ वित्ती ॥

जियसव्वभयं - दूरी कयभयमत्तं ।
सच्चवयं रियवयणं वयउ - उच्चरउ ॥
१) कोहलोहभयहासपसंगा -
रोसलालसासाद्धसविनोयरूवकारणचउक्कसंबंधाओ ।
असच्छं वयणं - मिच्छं उत्तिं ।
सेवइ - वयि ।
जेण - जम्हा ।
जणो - जीवो ।
महदुक्खं - बहुकट्ठं ।
लहई - पावइ ।
अवच्चंगइं - णिंदणिज्जं जम्मपरंपरं ।
वच्चइ - गच्छइ ॥

२) जहिट्ठिलो - पठमो पंडु पुत्तो ।
सच्चवयणओ - सूणियुत्तीइ ।
धम्मणिवत्ति - धम्मरायो इह ।
पसिद्धो - विक्खाओ, गिद्धो - मिच्छालोलुओ ।
वसुरायो तण्णामपसिद्धो णिवो ।
मुसावायाओ - असच्चवयणाओ ।
णरयं - अहोगइं ।
गओ - पत्तो ।

३) कालयसूरिणा - तुरमणीणयरीसंभूअकालायरियेण ।
दत्तपदत्ता - दत्ताभिहाणणिजभइणीसुयप्पियाओ ।
मरणभया वि - मच्चुसाद्धवसाओ अवि ।
सच्चं - सच्चवयणं ।
णहि - ण खलु ।
संचतं - दूरीकयं तेणं ।
सेयं - कल्लाणं ।
वरियं - पत्तं ।
अवि - पुणो ।
सुरसुहं - देवलोय सुक्खं ।
संपत्तं - अहिगयं ॥

४) मच्चअमच्चसमच्चो - मणुया मरपूयणीओ ।
जिणधम्मो - अरिहंतदेसि - अमुक्खमग्गो ।
सच्च पइट्ठाणो - सूणिय - सिंहासणसंठिओ ।
अहमो - दुट्ठो ।
अच्च पइट्ठो-मुखावायभासणणिरओअहम्मो - मिच्छधम्मो ।
अवच्चो - णिंदणिज्जो ।
लोयं - जणं ।
पीलइ संतावेइ ॥

५) सूणियं - सच्चं ।
सव्वसमयसमरूवं सयाकालमेगसरूवं ।
जणं - लोगं ।
इट्ठं - अहिलसिअं ।
सुट्ठं - सुक्खं ।

णेइ - पावेइ ।
अणियं-मुक्खावयणं तु ।
खणखणभिण्णसरूवं - पइसमयपरावत्तणप्पयं ।
अणिट्ठं - विरूवं ।
कट्ठं - दुक्खं ।
अप्पइ - देइ ॥

६) मुसामूसओ - आसच्चरूवोउंदरो ।
मंदंमंदं - सणिअं सणिअं ।
जसमंजूसं - वण्णवाय - पेडं ।
कत्तइ,-विणासेइ ।
सच्चं - सूणियं ।
सच्चफणींदं - जहट्ठणागरायं ।
दट्ठूण - दट्ठा ।
कंदंकंदं-चीं चीं इइ खं कि-च्चा किच्चा णस्सइ-णट्ठो होइ
॥ मुसामूसओ ॥

(७) सव्वओ - सव्वपयारेण ।
सव्ववए - समत्थ णियमे ।
गिण्हंतु - अंगीकुणं तु ।
परंजाव मुसंतो - असच्चचाओ ।
णकओण विहिओ - तावं ।
सव्वं - पुव्वुत्तमखिलं ।
विहलं - णिरत्थयं ।
अत्थविसये - सेट्ठिसुओ - वणिअतणओ ।
दिट्ठंतो - आहरणं ।

तहहि - एगो सेट्ठिसुओ सव्वपाचकम्मकरणपसत्तो आसी।
मित्तेहिं समं सो एगया कस्स वि महप्पणो अंतियं गओ ।
तत्थहियं सोऊणं तेणं - सव्वे णियमा ।
गहिया परं मुसावयणं ण पच्चक्खायं ।
संतस्संतिआजाव बहि आंगओ ताव जहा आसीऽभू ।
मित्तेहिं कहियं किमेयं तया तेणुत्तं, ण मए एगो वि णियमो अंगीकओऽत्थि ।
पुणो वि संतस्स समीवंगओ तत्थ वि तेण तहा कहियं ।
संतेणुत्तं एवमसच्चं वयसि ।
तया तेणुत्तं असच्चस्स णत्थि मेणियमत्ति ।

८) मुसावयम्मि - असच्चवयणे ।
रये - पसत्ते ।
दुम्मणुये - दुट्ठजणे ।
लोयो - जणो ।
धिद्धी - धी धी - इइ ।
कुणइ-करइ धम्मधुरंधरसच्चवयाओ-धम्मपवरसच्चवयणओ ।
रिद्धी - संपत्ती ।
सिद्धिपसिद्धी ।
सेयपत्ती - विक्खाई य ।
हवइ ॥

**અર્થ :**

*સર્વ ભયોને જેણે જીત્યા છે આવું સત્ય વચન વદો.*

*(૧) લોકો ક્રોધથી, લોભથી, ભયથી અને હાસ્યથી એમ ચાર પ્રકારના*

અસત્ય વચનને સેવે છે, બોલે છે; તેથી મોટા દુઃખને પ્રાપ્ત કરે છે અને નિંદનીય દુર્ગતિમાં જાય છે.

(૨) સત્ય વચન બોલવાને કારણે યુધિષ્ઠિર ધર્મરાજા કહેવાયા, અસત્ય વચન બોલવાને કારણે વસુરાજા નરકે ગયા.

(૩) દત્ત ભાણેજે આપેલા મરણના ભયથી પણ કાલકસૂરિજી મહારાજે સત્યને તજ્યું નહિ, કલ્યાણ કર્યું ને દેવલોકના સુખને પામ્યા.

(૪) જિનધર્મ સત્યપ્રતિષ્ઠિત છે. માનવો અને દેવોથી પૂજાયેલો છે. અધમ નિંદ્ય એવો અધર્મ અસત્ય-પ્રતિષ્ઠિત છે ને લોકને પીડે છે.

(૫) સદાકાળ એકસરખું રહેતું સત્ય લોકોને ઇષ્ટ સુખને પમાડે છે, ક્ષણ ક્ષણ ફરતું અસત્ય અનિષ્ટ કષ્ટને આપે છે.

(૬) મૃષાવાદરૂપ ઉંદર ધીરે ધીરે કીર્તિને, યશરૂપ પેટીને કાતરી ખાય છે, તે ઉંદર સત્યરૂપી સાચા નાગરાજને દેખીને ચીં ચીં કરતો નાસી જાય છે.

(૭) બધા નિયમો બધી રીતે ગ્રહણ કરીને પણ જ્યાં સુધી અસત્યનો ત્યાગ નથી કર્યો ત્યાં સુધી સર્વ નિષ્ફળ છે. શ્રેષ્ઠિપુત્રનું દૃષ્ટાંત આ હકીકત માટે સમજવા જેવું છે.

(૮) મૃષા બોલવામાં પ્રીતિવાળા દુષ્ટ માનવોને લોકો ધિક્કારે છે. ધર્મશ્રેષ્ઠ એવા સત્યથી રિદ્ધિ સિદ્ધિ અને પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

# सोयं (शौचम्) - ८

*सोयं सोयहरं थुणिमो, विणु सोयं किं कुणिमो - सोयं ।*
*वत्थविसुद्धी गेहविसुद्धी देहविसुद्धी वि दिट्ठा ।*
*अप्पविसुद्धी सव्ववरिट्ठा, सोयधम्मम्मि गरिट्ठा ।। १ ।। सोयं.*

*णिम्मल णाणजलम्मिण्हाणं, किच्चामल अवहरउ ।*
*सुई होऊणं अच्चउ अरिहं, केवललच्छिं वरउ ।। २ ।। सोयं.*

*सोय विहीणा दीणा, मलिणत्तं ण चयंति ।*
*आरुग्गाओ मुत्ता रोगा, विलयं णियं णयंति ।। ३ ।। सोयं.*

*रागदोससिणेहसिणिद्धो कम्मरयेण विलित्तो ।*
*जीवो अईव मलिणो तावं, जाव ण सोय पसित्तो ।।४।। सोयं.*

*जलसोयम्मि सययपसत्ता, सत्ता सत्ते हणंति ।*
*जलणिस्सियबहुजीयवहाओ, अप्पाणं मलिणंति ।। ५ ।। सोयं.*

*सोयधम्मसुद्धो णु अप्पा, जयइ पुण्णमयंकं ।*
*उड्ढं गच्छइ सो णिल्लेवो चयइ सव्वकलंकं ।। ६ ।। सोयं.*

*सोयं सोयं, सोयं जाव, जवइ अ जो अविरामं ।*
*सो परमप्पाऽयं जीवप्पा तस्सुभयं अहिरामं ।। ७ ।। सोयं.*

*मिच्छासोयेणं मेअज्जो, णीयकुले उप्पण्णो ।*
*धम्मधुरंधरसोयधम्मओ, जाओ सिवसंपण्णो ।। ८ ।। सोयं.*

## ॥ वित्ती ॥

सोयं - णिम्मलयरं धम्मं ।
सोयहरं - अरइहारयं ।
थुणिमो - णुमो ।
सोयं विणु - एयारिसपरधम्ममंतरा ।
किं - किमु ।
कुणिमो - करेमः ।
१) वत्थविसुद्धी - वसणमलावहरणं ।
गेहविसुद्धी - सयणकयवरदूरकरणं ।
देहविसुद्धी - सरीरपक्खालणं ।
वि - अवि ।
दिट्ठा - विलोइया ।
परं ।
सोयधम्मम्मि - णिम्मलयाकरणधम्मे ।
सव्ववरिट्ठा - सयलुत्तमा ।
अप्पविसुद्धी - चेयणविसोहणं ।
गरिट्ठा - सिट्ठा अत्थित्तिसेसो ।

२) णिम्मलणाणजलम्मि ।
सच्छसंविअसलिलम्मि ।
ण्हाणं - सिणाणं ।
किच्चा - काऊणं ।
मलं - मलिणयं ।
अवहरउ - दूरीकरउ ।

पुणो ।

सुई - पवित्तो ।

होऊणं - भुच्चा ।

अरिहं - अरिहंतभयवंतं ।

अच्चउ - महउ ।

तऔ ।

केवललच्छिं - अविईय संपुण्णपंचमणाणसिरिं ।

वरउ - पावउ ।।

३) सोयविहीणा - सम्भसोयणधम्मरहिया ।

दीणा - किवणा ।

खीणा - दुब्बला ।

मलिणत्तं - समलभावं ।

ण चयंति - ण खलुजहंति ।

आरुग्गाओ - सत्थाओ ।

मुत्ता - रहिआ ।

रोगा - वाहीइ ।

णियं - अप्पयं ।

विलयं - विणासं ।

णयंति - पावेंति ।।

४) रागदोससिणेहसिणिद्धो - रागद्देससरुवसिणेह (तेल) चिक्कणो ।

जीवो - चेयणो ।

कम्मरयेण - कम्मधूलीइ ।

विलित्तो - खंरटिओ ।

तावं - तावसमयं ।
अईवमलिणो - अइसयेणं मलजुत्तो ।
होइ ।
जाव - जावसमयं ।
सोय पसित्तो - सोयधम्मपक्खलिओ ।
ण - णखलु ।।

५) जलसोयम्मि - सलिलण्हाणेण निम्मलयाइ
सययपसत्ता - अणवरयासत्ता ।
सत्ता - जीवा ।
सत्ते - पाणिणो ।
हणंति - विणासेंति ।
जलणिस्सिय बहु जीववहाओ आउकायट्ठियाणेगचेयण-धाया ।
अप्पाणं - सं ।
मलिणंति - मलबहुणं कुणंति ।

६) सोयधम्मसुद्धो-सुइसंपाययद्धमसमणधम्मेण पवित्तीहूओ ।
अप्पा चेयणेणु - णूणं ।
पुण्णमयंकं - संपुण्णससंकं ।
जयइ - पराजयइ ।
सो - सोअप्पा ।
णिल्लेवो - मलरहिओ ।
उड्ढं - उच्चगइं ।
गच्छइ - जाइ ।
सव्व कलंकं - सयलकलुसं ।
मुंचइ - जहइ ।।

७) सोयं सोयं सोयं जावं - सोयं सोयं सोयंइत्थंभूअंरठणं ।
जो - जोकोइ ।
अविरामं - अविस्सामं ।
जवइ - रटइ ।
अणिच्छयं ।
सो - सोसद्देण ।
परमप्पा - परमीसरोऽयं - ऽयंसद्देणं ।। संसारठिओजीवो ।
तस्स - जावकारयस्स ।
उंभयं - परमप्पजीवप्पत्तिदयं ।
अहिरामं - सुन्दरं ।।

८) मिच्छासोयेणं - जलण्हाणरूवासुद्धसोयेणं ।
मेअज्ञो - तण्णामो ।
णीयकुले - अहमजाइम्मि ।
उप्पण्णो - जाओ ।
धम्मधुरंधरसोयधम्मओ-समणधम्मुत्तमसोयसरूवसुकयाओ ।
सिवसंपण्णो - मुत्तिगइंगओ ।
जाओ - अ भू ।
मे अज्ञेणपुव्वजम्मम्मि संजमण गहीअं आसी ।
परं विप्पकुलप्पुसूइप्पहावा सिणाणरूई ण गया ।
संयमधम्मे ण्हाणविरहा खिंसइ ।
एवं खुणीयागोअकम्मंसमज्ञिअं ।
तेण चंडालकुले पसूओ ।।
पच्छाचरित्तं सेवित्तासुईभूओ सिवंय पत्तो ।।

અર્થ :

૧) શોકને હરનાર, શૌચધર્મને અમે સ્તવીએ છીએ. શૌચ વગર શું કરીએ. વસ્ત્રની શુદ્ધિ, ઘરની શુદ્ધિ અને શરીરની શુદ્ધિ પણ જોઈ પણ આત્મવિશુદ્ધિ સર્વશ્રેષ્ઠ અને ઉત્તમ શૌચ ધર્મમાં છે.

૨) નિર્મળ જ્ઞાનજળમાં સ્નાન કરીને મેલને દૂર કરો ! પવિત્ર થઈને અરિહંત પરમાત્માને પૂજો અને કેવળ લક્ષ્મીને વરો.

૩) શૌચધર્મ વગરના દીન ને ક્ષીણ જીવો મલિનતાનો ત્યાગ કરતા નથી, આરોગ્યથી રહિત તેઓ રોગને લઈને પોતાનો નાશ કરે છે.

૪) રાગ ને દ્વેષરૂપ સ્નેહ-તેલથી ચીકણો જીવ કર્મધૂળથી ખરડાય છે ને અતિશય મલિન રહે છે, પણ તે ત્યાં સુધી કે જ્યાં સુધી શૌચધર્મથી સિંચાયો નથી.

૫) પાણીથી સ્નાન કરીને શૌચ કરવાના ધર્મમાં સતત-આસક્તિ-વાળા જીવો અનેક જીવોને હણે છે. આઉકાયની નિશ્રાએ રહેલા ઘણા જીવોના વધને કારણે પોતાના આત્માને મલિન કરે છે.

૬) શૌચ ધર્મથી શુદ્ધ એવો આત્મા પૂર્ણચંદ્રને જીતી લે છે, નિર્લેપ થયેલો તે ઊર્ધ્વ ગતિમાં જાય છે ને સર્વ કલંકને દૂર કરે છે.

૭) સોયં સોયં સોયં એવો જાપ જે સતત જપે છે, તેને સો એટલે પરમાત્મા અનેડયં એટલે જીવાત્મા, એ બંને સુંદર રહે છે.

૮) મેતાર્યમુનિ (પૂર્વજન્મમાં) મિથ્યાશૌચને કારણે નીચકુળમાં જન્મ્યા અને ધર્મમાં ઉત્તમ એવા સમ્યક્-શૌચ ધર્મને પ્રભાવે મુક્તિયુક્ત થયા.

## आकिंचणणं ( आकिञ्चन्यम् ) - ९

सोहइ परमसुहं सुहधम्ममुहं आकिंचणणं आकिंचणणं ।
णवमे रासीइ वसइ सइ वि, अवमो सयाइयारी ।
वंको परिग्गहो गहो अयं, लोयतयम्मि वियारी ।। १ ।। सोहइ.

परिग्गहगहगहिया जे जीवा, ते तावं सीयंति ।
आकिंचणणं जाव ण चिण्णं, तओ अणु पसीयंति ।।२।। सोहइ.

आकिंचणणं जओ विदूरे, तस्स ण खणमवि संती ।
सुहभावो तम्मि णहि चिट्ठइ, गुणा तओ णस्संति ।। ३ ।।
सोहइ.

णाणाइगुणगणसंजुत्तो, अत्ता परमरमीसो ।
पुग्गलणिरयो णिजसं चयइ, अजए कम्मविमीसो ।।४।। सोहइ.

रायराईसर संपययत्ती, सुहकम्मेण पणीया ।
सा पारक्कविहूसणतुल्ला, दुहकम्मेण विणीया ।। ५ ।। सोहइ.

आकिंचणणं जेणुवचरिअं, हवइ तस्स बहुबुद्धी ।
णहि सेवियं तस्स ण किंचण, तस्स ण कत्थवि सुद्धी ।।६ ।।
सोहइ.

जह जह सव्वं करइ दूरे, तह तह सव्वं मीलइ ।
आकिंचणणं अइअब्भुअं, कोवि ण एयं हीलइ ।। ७।। सोहइ.

रंको वि एयस्स पसाया, जाओ संपइराया ।
धम्मधुरंधरसुहत्थिमुणिणो, तेणं महिया पाया ।। ८ ।। सोहइ.

## ॥ वित्ती ॥

परमसुहं - उक्किट्ठसुक्खं ।
सुहधम्ममुहं - सोहणसुकयवयणं ।
आकिंचण्णं - अपरिग्गहो ।
सोहई रहेइ ॥
१) अयं - आकिंचण्णस्स विरोही ।
परिग्गहगहो - परिग्गहरूवोगहो ।
अवमो - णीयो ।
सयाइयारी - सययाइयारजुत्तो ।
अइगइयोत्ति - जाव ।
वंको - वक्कयाकलिओ ।
लोयतयम्मि - तिहुयणमज्झे, सव्वत्थ ।
वियारी - विहरणसीलो ।
सइ वि - सव्वसमयं अवि ।
णवमे रासीइ - धणणामम्मिरासिमज्झे ।
वसइ - चिट्ठइ ।

२) जे जीवा - जे चेयणा ।
परिग्गहगहगहिया - परिग्गहरूवदुट्ठग्गहविडंबिया ।
ते - ते जीवा तावं - तावकालं ।
सीयंति - सोयमणुहवंति ।
जाव - जावसमयं ।
आकिंचण्णं ।
णिग्गंठत्तं ।

ण चिण्णं - ण सवियं ।

तओ अणु - आकिंचण्णपत्तीइ अणंतरं ।

पसीयंति - पसण्णा होंति ।।

३) जओ - जम्हा ।

आकिंचण्णं - णिग्गंठत्तं ।

विदूरे - अइदूरं ।

तस्स - तस्सप्पणो ।

खणमवि - अप्पसमयंपि ।

संती - सत्थयं ।

ण - णहोइ ।

तम्मि - तारिसे जणे ।

सुहभावो - विमलपरिणामो ।

णहि - णखलु ।

चिट्ठइ - वट्टए ।

तओ - तम्हा ।

गुणा - दयादाणाइणो ।

णस्संति - दूरी हवंति ।

४) णाणाइगुणगणसंजुत्तो - णाणापमुहगुणपरियरपरिकलियो।

अत्ता - चेयणो ।

परमरमीसो - उत्तमलच्छीसरो ।

अत्थित्ति ।

पुग्गलणिरयो - पुग्गलपसत्तोअत्ता ।

णिजसं - अप्पणोर्धणं ।

चयइ - जहइ ।

कम्मविमीसो - कम्मघणदढबंधनबद्धो ।
अडए - संसारे संसरइ ।

५) सुहकम्मेण - पुण्णकम्मुदयेणं ।
रायराईसरसंपययत्ती - चक्कवट्टिरिद्धिलाहो ।
पणीया - कया ।
सा - साहिपत्ती ।
पारक्कविहूसणतुल्ला - परकीयलंकरणसमाणा ।
दुहकम्मेण - दुक्खयरासुहकम्मेण ।
विणीया - अव हरिया ।
जमुत्तं ।
'पूर्णतायापरोपाधेः सायाचितकमण्डनम् ।
यातु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा' इइ ॥

६) जेण - जेणकेणविअप्पणा ।
आकिंचण्णं णिग्गंठत्तणं ।
उवचरियं - सेवियं ।
तस्स - सेवाकारयस्स ।
बहुबुद्धी - विउलामई हवइ - होइ ।
जेण ।
णहि - ण खलु ।
सेवियं - उवसिअं ।
तस्स णकिंच ण - किमवि ण होइ ।
कत्थ वि - कत्थवि थले काले वा ।
तस्स - तस्स जणस्स ।
सुद्धीण - गणनाण ॥

(७) जह जह - जहा जहा ।
सव्वं - सयलं ।
दूरे - करइ - चयइ ।
तह तह - तहा तहा ।
सव्वं - समत्थं ।
मीलइ - अहिगच्छइ ।
आकिंचण्णं - णिग्गंठत्तणं ।
अइअब्भुअं - अइसयेण विह्मयकरं ।
कोवि - कोविजणो ।
एयं - आकिंचण्णं ।
ण हीलइ - ण हि निंदइ ।।

(८) रंकोवि - दरिद्दोवि ।
एयस्स पसाया - आकिंचण्णस्सकिवाइ ।
संपइराया - संपइणामणिवो ।
जाओ - अभू ।
धम्मधुरंधरसुहत्थिमुणिणो-धम्मप्पवरसिरिसुहत्थिआयरियस्स ।
पाया - चरणा ।
तेणं - संपइणिवेणं ।
महिया - पूइया ।।

**અર્થ :**

પરમસુખદાયક શુભધર્મનું વદન આકિંચન્ય - નિર્ગ્રંથપણું શોભે છે.

(૧) આ પરિગ્રહરૂપી ગ્રહ નવમ - ધનરાશિમાં હંમેશાં વસે છે. નીચ છે, સદા અતિચારી છે. વક્ર છે ને ત્રણે લોકમાં ગતિ કરનાર છે.

(૨) પરિગ્રહરૂપ ગ્રહણથી જેઓ પકડાયા છે; તે જીવો ત્યાં સુધી પીડાય છે કે જ્યાં સુધી આકિંચન્યને સેવતા નથી. તેને સેવે છે, પછી તો તેઓ પ્રસન્ન રહે છે.

(૩) જેનાથી આકિંચન્ય દૂર છે; તેને ક્ષણ પણ શાંતિ નથી. તેનામાં શુભભાવ ટકતો નથી, તે તેનાથી ઘણો દૂર નાસી જાય છે.

(૪) જ્ઞાનાદિ ગુણસમૂહયુક્ત એવો આત્મા પરમસંપત્તિનો સ્વામી છે, તે પુદ્ગલમાં આસક્ત થઈને પોતાના સુખને દૂર કરે છે ને કર્મથી ખરડાઈને ભવમાં ભમે છે.

(૫) શુભકર્મથી રાજરાજેશ્વરની સંપત્તિ મળે છે, પણ તે માંગી લાવેલાં ઘરેણાં સમાન છે; દુષ્ટ કર્મ તેને લઈ લે છે.

(૬) આકિંચન્ય જે સેવે છે, તેને વિપુલ બુદ્ધિ થાય છે ને આકિંચન્યને જે સેવતો નથી, તેને ક્યાંય પણ શુદ્ધિ નથી.

(૭) જેમ જેમ સર્વનો ત્યાગ કરે છે તેમ તેમ સર્વ મળે છે. આકિંચન્ય અતિ આશ્ચર્યકારી છે, કોઈ તેને વખોડતું નથી.

(૮) દરિદ્ર એવો પણ આકિંચન્યના પસાયે સંપ્રતિ મહારાજા થયો ને તેણે ધર્મશિરોમણિ સૂરિ પ્રવરશ્રી સુહસ્તિ આચાર્ય મહારાજના ચરણની ઉપાસના કરી.

## बंभचेरं ( ब्रह्मचर्यम् ) - १०

*बंभचेरं चरउ धम्ममेरं - बंभ -*
*संसारम्मि पीलइ कामो, णात्थिय लज्जामुहगुणगामो;*
*सेवाइ वि ण जस्स विरामो हणउ तं अइसेरं ।। १ ।। बंभ.*

*मणमंदिरे जस्स णिवासो, मयणो सो खलु सययपिवासो ।*
*जयइ तं मुणी विजिय विलासो, पावइ गुणउक्केरं ।।२।। बंभ.*

*मुणिणा जेणं णिहओ मारो, कुगइ हियय हर मणहर हारो;*
*किं कुणइ तं सढसंसारो जस्स ण केणवि वेरं ।।३।। बंभ.*

*बाविंसइ णेमि जिणणाहो सज्जणजणगीयसीलगुणगाहो;*
*भट्ठो वि मुणी सीलसण्णाहो, जेसिं पयमुच्छेरं ।।४।। बंभ.*

*हियये जस्स ण णच्चइ णारी, तस्स हि कोवि भुवणे णारी;*
*धम्मपहे सो सययविहारी, चरियं तस्सच्छेरं ।। ५ ।। बंभ.*

*णवविहगुत्ति गुत्ता बंभं, समायरंति जे णिद्दंभं;*
*ण वि वियलंति दट्ठूण रंभं, तेसिमपुव्वं धेरं ।। ६ ।। बंभ.*

*अट्ठारसदससयसीलंगं, धारंति जे णिच्चमभंगं;*
*ते ण लहंति कामपसंगं, तेसिं मुत्ती देरं ।। ७ ।। बंभ.*

*जेणं धरियो वरवयहारो, सो सुहधम्मधुरंधर सारो;*
*तं णवि मारइ मारवियारो थुणिमो सीलकुबेरं ।। ८ ।। बंभ.*

## ॥ वित्ती ॥

धम्ममेरं - वरधम्म - सीमाभूअं ।
बंभचेरं-ब्रह्मचेरं ।
चरउ - सेवउ ।
१) संसारम्मि - भवम्मि ।
णासियलज्जामुह गुणगामो-विद्धंसिअहिरीयभिइ गुणसमूहो।
कामो - मयणो ।
पीलइ - संतावेइ ।
जस्स - कामस्सजस्स ।
सेवाइ वि - सेवणे ण अवि ।
ण विरामो - संतीण ।
तं - कामं ।
अइसेरं - अइसच्छंदं ।
हणउ - विणासेउ ।
२) जस्स - कामस्स ।
मणमंदिरे - हिययम्मि ।
णिवासो - गणं ।
सो मयणो - कामो ।
खलु - णिच्छयेण ।
सययपिवासो - णिरंतरलालसाजुओ ।
अत्थित्ति सेसं ।
तं - कामं ।
विजिय विलासो - णिज्जियकामकीलो ।

मुणी - साहू ।

जयइ - णिज्झिणइ ।

गुणउक्केरं - गुणउक्करिसं ।

पावइ - लहइ ।

३) कुगइ हियय हर मणहरहारो - दुग्गइरमणीहियये सुंदर मुत्तावलीसमो ।

मारो - कामो चेव गुणाइमारणेण मारो - मच्चू ।

जेणं मुणिमा - जेण साहुणा ।

णिहओ - हणिओ ।

तं - साहुं ।

सढसंसारो - वंचणसीलो संसारो धणकंचणकुटुंबाइरूवो ।

किं कुणइ - किं विणासेइ ।

न किंपित्ति ।

जस्स - जस्स मुणिणो ।

केणवि - केणावि जणेण ।

ण वेरं - ण विरोहो ।

जम्हा सो न किंपि पत्थेइत्ति ।

४) बाविंसइणेमिजिणणाहो - बावीसइमो णेमिणामो तित्थयरो।

सज्जणजणगीयसीलगुण गाहो - उत्तमजणकित्तियबंभचेरजसो ।

आसित्ति अज्झाहारेण णेयं ।

भद्दो - थूलिभद्दो पसिद्धो ।

मुणी - जई ।

वि - अवि ।

सीलसण्णाहो - बंभवयकवयजुत्तो ।

आसित्ति - अज्झाहारो ।

जेसिं - णेमिस्स भद्दस्स य ।

पयं - ठाणं ।

उच्चेरं - उच्चयरं, सेट्ठं ।

अत्थित्ति ।

५) जस्स - जस्स णरस्स ।

हियये - मणम्मि ।

नारी - महिला ।

ण णच्चइ - ण रमइ ।

जो नारीं न संभरेइत्ति जाव ।

तस्स - णरस्स ।

भुवणे - लोगम्मि ।

ण कोवि अरी - ण कोवि सत्तू ।

हवइत्ति सेसं ।

सो - णारी सरणरहिओ णरो ।

धम्मपहे - धम्ममग्गे ।

सययविहारी-अविच्छिन्नचरणसीलो ।

हवइत्ति - णेयं ।

तस्स - एयारिसणरस्स ।

चरियं - जीवियं ।

अच्छेरं - विम्हयकरं ।

होइत्ति सेसं ।

६) जे - जे जणा ।

णवविह गुत्ति गुत्ता - णव पयार बंभचेर णियमपालणेण रक्खिया ।

णिद्दंभं - अकवड भावजुत्तं ।

बंभं - विसयभोगवेरमणरूवं ।
समायरंति - सेवंति ।
ते जणा इइ अज्झाहारेण णेयव्वं ।
रंभं - एयनामधारिणीं देविं ।
दट्ठुण वि - पेहित्ता वि ।
ण विचलंति - ण अथिरा होंति ।
जओ तेसिं - तारिसजणाणं ।
धेरं - धीरत्तणं ।
अपुव्वं - असाहारणं ।
(७) अट्ठारसदससयसीलंगं - अट्ठारसहस्समहावयभंगसमूहं ।
जे - जे मुणिणो ।
णिच्चं - पइदिणं ।
अभंगं - अखंडियं ।
धारंति - पालंति ।
ते - साहुणो ।
कामपसंगं - कामपवित्तिं ।
ण लहंति - ण पाविंति ।
तेसिं - साहूणं ।
मुत्ती - मोक्खो ।
देरं - सिग्धं ।
होहित्ति - सेसं ।
(८) जेणं - साहुणा सावगेण वा ।
वरवयहारो - उत्तमबंभचेरवयमाला ।
धरिओ - अंगीकओ ।
सो - सो पुरिसो ।

सुहधम्मधुरंधरसारो - सुधम्मधुराधारणसमत्थबलवीरिओ ।
नेयव्वो इइ अज्झाहारेणं ।
तं - तं पुरिसं ।
मारवियारो - कामोद्देको ।
णवि मारइ - णेव पीडेइ ।
सीलकुबेरं - बंभवयमहानिहि सामित्तणेण धणयसमाणं ।
तं - तं चेव बंभवयधारिणं ।
थुणिमो - कित्तेमो ।

**અર્થ :**

*ધર્મની મર્યાદા સમાન બ્રહ્મચર્યને ધારણ કરો.*

*(૧) લજ્જા આદિ ગુણ સમૂહનો જેણે નાશ કર્યો છે-એવો કામ સંસારમાં (સહુ જીવોને) પીડે છે. વિષયપભોગથી પણ જે શાંત થતો નથી એવા અતિ સ્વચ્છંદી કામને હણો - નાશ કરો.*

*(૨) મનમાં જેનો નિવાસ હોય છે એવો કામ સતત કામનાવાળો છે. ભોગેચ્છાને જીતી જનારા મુનિ તેનો વિજય કરે છે અને ગુણોની વૃદ્ધિ પામે છે.*

*(૩) કુગતિરૂપી રમણીના હૃદય પર રહેલા મનોહર હાર સમાન, મૃત્યુ વગેરે કષ્ટ આપનાર હોવાથી 'માર' અર્થાત્ કામને જે મુનિએ હણ્યો છે તેને આ ધૂર્ત સંસાર શું કરી શકે ? તેવા મુનિને કોઈની સાથે વેર નથી.*

(૪) બાવીશમા નેમિકુમાર નામના તીર્થંકર સજ્જનો વડે ગવાયેલ ગુણગાથાવાળા થયા. સ્થૂલિભદ્ર પણ શીલનું બખ્તર ધારણ કરનારા થયા - જેમનું જગતમાં સ્થાન અતિ ઊંચું છે.

(૫) જેના હૃદયમાં નારી રમતી નથી તેનો આ જગતમાં કોઈ શત્રુ નથી. એ પુરુષ સતત ધર્મવિહારી હોય છે. તેનું ચરિત્ર આશ્ચર્યકારક હોય છે.

(૬) નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડોથી સુરક્ષિત એવા જે પુરુષો દંભરહિતપણે બ્રહ્મચર્યનું પાલન કરે છે તેઓ રંભા - અપ્સરાને જોઈને પણ ચલિત થતા નથી. એવું અપૂર્વ ધૈર્ય તેમનું હોય છે.

(૭) અઢાર હજાર શીલાંગને - વ્રતના ભાંગાને જેઓ અખંડિતરૂપે સતત ધારણ કરે છે તેવા મુનિઓને કામ-ભોગનો પ્રસંગ હોતો નથી, અને તેમની શીઘ્ર મુક્તિ થાય છે.

(૮) જેણે બ્રહ્મચર્ય રૂપ શ્રેષ્ઠ હાર ધારણ કર્યો છે તે શુદ્ધ ધર્મની ધુરા ધારણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. તેને કામવિકાર ત્રાસ આપી શકતા નથી. શીલરૂપી ધનના સ્વામી હોવાથી કુબેર જેવા એ પુરુષોની અમે સ્તુતિ કરીએ છીએ.

## પ...દ્યા...નુ...વા...દ...ની પ...હે...લાં...

દશ યતિધર્મને કેન્દ્રમાં રાખી પૂજ્યપાદ આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિ મહારાજે પ્રાકૃત ભાષામાં દશ ગીતોની અને તેની વૃત્તિની રચના કરી. તે અહીં પ્રકાશિત કર્યાં છે.

તેના ભાવોને ગૂંથતી પદ્યાનુવાદ ગુજરાતીમાં રચના થાય તો સાધ્વીજી મહારાજ વધુ ઉપયોગમાં લઈ શકે. તે હેતુથી ઉપા. શ્રી ભુવનચંદ્રજી મહારાજને હું કહેતો રહેતો હતો.

*'ફળે ભાવના દૃઢ જિન મન કી,*
*જો હોય અવિચળ ટેક.'* (- યશોવાણી)

એ ન્યાયે એ માંગણી ફળી.

અને આ ચિરંજીવ રચના તમારા હાથમાં છે.

કંઠે કરીને તેના ભાવમાં રમી શકાશે.

પ્ર

## ( क्षान्तिः ) - खंती - १

*रमउ, मम मणहरे खंती, रमउ,*
*कोवानलपसमणकरणत्थं,*
*नवजलहर वरयंती ।।१।। रमउ.*

*खंती जइ करकमले विहिया,*
*निहया तइ खलकंती ।।२।। रमउ.*

*दूरे जेसिं खंती तेश्चिय,*
*भवगहणे णिवसंति ।।३।। रमउ.*

*विजियकसाया हियये खंती,*
*संसारे ण सरंति ।।४।। रमउ.*

*वीर जिणेणं चंडकोसिअं,*
*णीआ परमा संती ।।५।। रमउ.*

*कोवो कडुअखो दुस्संखो,*
*खंती महुरा तंती ।।६।। रमउ.*

*खंती-पग्गहगहिया सवसं,*
*करणहया लहु जंति ।।७।। रमउ.*

*धम्मधुरंधर जिणवरचरिया,*
*खंती सइ विजयंती ।।८।। रमउ.*

# ક્ષાંતિ-૧

રમજો, ક્ષમા સદા મનઘરમાં... રમજો...
કોપાનલના ઉપશમ કાજે,
ક્ષમા ખરી જલધર જગમાં... રમજો... ૧

દુર્જન ત્યાં નિસ્તેજ બને છે,
ક્ષમા-ખડ્ગ જ્યાં રહ્યું કરમાં... રમજો... ૨

ક્ષમાભાવથી જે દૂર રહે છે,
તે જ રહે છે ભવવનમાં... રમજો... ૩

ક્ષમા ધરે છે, કષાય તજે છે,
તે ન ભમે આ ભવરણમાં... રમજો... ૪

ચંડકૌશિકને શાંતિ આપી,
વીરપ્રભુએ એક ક્ષણમાં... રમજો... ૫

ક્રોધ છે કર્કશ ઢોલ સમો ને,
વીણાનાદ રહ્યો ઉપશમમાં... રમજો... ૬

ક્ષાંતિ-લગામ ધરીને ખંતે,
ઇન્દ્રિય-અશ્વ કરો વશમાં... રમજો... ૭

**ધર્મધુરંધર** જિનવર સેવિત,
ક્ષમા રહો જયવંત જગતમાં... રમજો... ૮

## मद्दवं (मार्दवम्) - २

### मद्दवमुपद्दवहरं जयइ

जं विणु मयमयंगओ, दलइ - आयारामं ।
णामं णामं मद्दव सिणिणा णेइवसं तं मुणी कामं ।।१।। मद्दव.

संवच्छरसमयंसमणत्तं संसेवइ बलीबाहू ।
मद्दवमुवचरियं णहि जावं, ताव ण आसी सुसाहू ।।२।। मद्दव.

माणसेलसिहराओ पडिआ, ण लहंति सुहलेसं ।
विसीयंति सीयंति जं(यं)ति, निरयं परमकिलेसं ।।३।। मद्दव.

दहमुहपुहवीणाहो णट्ठो, जेण विणा संगामा ।
कंसो मणुयवतंसो वि उण सुहिया विहिय पणामा ।।४।। मद्दव.

मद्दवओ विणओ विणयेणं, णाणं तेण हि मुत्ती ।
सुहमवियलमत्थिमुत्तीइ, एसा पवरा जुत्ती ।।५।। मद्दव.

सुक्कयकट्ठसमो खलु माणो कट्ठमणंतं देइ ।
मद्दवपरसुविहियसयखंडो णियय विलयं एइ ।।६।। मद्दव.

मद्दववज्जं माणगिरिम्मि जइ निवडइ इगवारं ।
णामसेसी हूओ तया सो कत्थवि णवि दंसेइ वियारं ।।७।।
मद्दव.

सुत्ते मिउमद्दवसंपण्णे, मुणिणो सुहिया कहिया ।
मद्दवधम्मा धम्मधुरंधर पयसंपयमणुसहिया ।।८।। मद्दव.

# માર્દવ-૨

માર્દવ સર્વ ઉપદ્રવ હરતું...
મૃદુતા વિણ માન મતંગજ આ, આત્મારામ ઉજાડે;
માર્દવ-અંકુશ લગાવી તેને, મુનિવર વશમાં આણે... માર્દવ... ૧

વર્ષ લગી શ્રી બાહુબલિએ, સાધુપણું બહુ સેવ્યું,
નમ્રભાવ નહિ આવ્યો હૃદયે, ત્યાં લગી કેવળ નાવ્યું... માર્દવ... ૨

પામે નહિ સુખ લવલેશ બિચારા, માનગિરિથી જે પડતા,
ખેદ-શોક ને દુઃખ નરકનાં, ભોગવતા રડવડતા... માર્દવ... ૩

રાજા રાવણ કંસ નરેસર, નમ્રભાવ વિણ હાર્યા;
સુખી થયા જે નમતાં શીખ્યા, ગર્વ કર્યો તે હાર્યા... માર્દવ... ૪

વિનય વધે માર્દવથી, વિનયે જ્ઞાન ને જ્ઞાનથી મુક્તિ;
મુક્તિમાં સુખ છે સાચું, સુખની આ છે યુક્તિ... માર્દવ... ૫

માન છે સૂકા કાષ્ઠ સમો તે, કષ્ટ અનંતું આપે;
માર્દવ-કુહાડી તેને નિશ્ચય, શત શત ખંડે કાપે... માર્દવ... ૬

માર્દવવજ્ર માનગિરિ પર, એકવાર જો પડશે;
નામશેષ બનશે એ પર્વત, વિકૃતિ લેશ ન જડશે... માર્દવ... ૭

મૃદુ-માર્દવ સંપન્ન મુનિઓ, સૂત્રે કહ્યા છે સુખિયા;
ધર્મધુરંધરપદ માર્દવથી, એ તો સહેજે વરિયા... માર્દવ... ૮

## अज्जवं ( आर्जवम् ) - ३

( देशी-परतीर्थी परना सुर जेणे चैत्यग्रह्या वळी जेह )

चेयण? अज्जवमज्जउ सरलं; चेयण-
अज्जवमउलं विउलं जेणं, हियये धरियं णिच्चं
सइ संपज्जइ सयला सिद्धी सिज्झइ तस्स सुकिच्चं ।। १ ।।
चेयण.

मायामच्चुअज्जवममयं उभयं खु दिणरत्ती ।
जस्स मणंगणु जत्थ विलग्गं, तस्स तंहा फलपत्ती ।। २ ।।
चेयण.

संसारम्मि मायामग्गो वंको वंकं जाइ ।
सरलो अज्जवमग्गो गच्छइ, गेहं मुत्तिरमाइ ।। ३ ।। चेयण.

माया महसप्पिणी सप्पइ बहुजीहा अइदप्पा ।
विसं वमइ, एयं हणइ, अज्जवगरुल महप्पा ।। ४ ।। चेयण.

माया णियमायं दंसिता, करिसइ पढमं लोगं ।
दुहजालम्मि ता पाडित्ता, अप्पइ पइपयसोगं ।। ५ ।। चेयण.

गत जम्मम्मि मल्लिजिणेणं, तवमइतिव्वं तत्तं ।
जिणवर गुत्तं णिचियं तहवि, थित्तणिअईयपत्तं ।। ६ ।। चेयण.

णियई विगईदुग्गईजणणी, जणयइ संरिउभावो ।
संतावो सययं णियईइ अज्जवओ सुहभावो ।। ७ ।। चेयण.

मायामोह-तमोहतमोहं, एयं पइजइ जागरइ ।
धम्मधुरंधरवरगुणसत्तं, मुत्तिवहू लहुवरइ ।। ८ ।। चेयण.

## આર્જવ-૩

ચેતન ! આર્જવ ભાવ વધારો...

આર્જવ જેણે હૃદયે ધાર્યું, સ્નેહ ધરીને સાચું;
સિદ્ધિ મળશે સઘળી તેને, કામ નહિ કો કાચું... ચેતન... ૧

માયા મૃત્યુ, આર્જવ અમૃત, રાત-દિવસ સમ બંને;
જેનું મનડું જેમાં લાગ્યું, તેવું ફળ મળે તેને... ચેતન... ૨

માયા-મારગ વાંકોચૂંકો, લઈ જાયે ભવવનમાં;
સીધો મારગ સરળ ભાવનો, પહોંચે મુક્તિભવનમાં... ચેતન... ૩

માયા-સાપણ મહા ઝેરીલી, જિહ્વા ઝાઝી ધારે;
આર્જવ ગુણ છે ગરુડ સમો જે, એ સાપણને મારે... ચેતન... ૪

કપટકળામાં લાભ જોઈને, કપટ કરે બહુ લોકો;
દુઃખગર્તામાં પડતા જ્યારે, મૂકશે મોટી પોકો... ચેતન... ૫

પૂર્વજન્મમાં માયા સાથે, તપ તપ્યા બહુ ભારે;
તીર્થંકર પદ પામ્યા તો પણ, મલ્લી સ્ત્રીપદ ધારે... ચેતન... ૬

માયા વિકૃતિ, માયા દુર્ગતિ, માયા વેર જગાવે;
માયાવીને સદાય ચિંતા, આર્જવથી શુભ આવે... ચેતન... ૭

માયા-અંધારું દૂર કરનારા, આર્જવને જે ધરશે;
ધર્મધુરંધર એ ગુણીજનને, મુક્તિવધૂ ઝટ વરશે... ચેતન... ૮

## मुत्ती ( मुक्तिः - निर्लोभता ) - ४

मुत्तिमुत्तामालं - धरह - जइ इच्छह सिवबालं धरह -
गुणमणिजुत्ता मुत्तिमाला, अप्पइ सुहं विसालं ।
हियये जस्स ठिआ सो जयइ लोहं हंत करालं ।। १ ।। धरह.

अईव विरूवा तण्हाजाला पण्णं पकुणइ कालं ।
पसमेइ घणपंती मुत्ती तं, तण्हं विसमविआलं ।। २ ।। धरह.

लोहपिसाओ हणइ सायं णेइ तहा वहजालं;
णिहणइ तं मुत्ती महदेवी, मऊरवहू जह वालं ।। ३ ।। धरह.

जहजह लाहो लोहो, तहतह वड्ढइ पलंबफालं ।
तस्स ण अंतो दीसइ कत्थवि हवइ भमो चिरकालं ।।४ ।। धरह.

कविलमुणिण्णा सच्चं गीयं, अमयसमाणं सालं ।
मासजुयलकणयस्सविकज्जं करिउं कोडीनालं ।। ५ ।। धरह.

मुत्तिविमुत्तासत्ता सययं पविसंति पायालं;
आरूहंति गुरुगिरिसिहरम्मि जलं तरंति विसालं ।। ६ ।। धरह.

मुत्तीइ चत्तं चंकमिऊणं, करइ जणं कंकालं;
लोहो हा ! हा ! रक्ख सरूवो णच्चइ-गाइ सतालं ।। ७ ।।
धरह.

तोससंतोसासुयामुत्तीइ, दंति भवं जीहालं ।
धम्मधुरंधरपय पत्तीइ, धरह मुत्तिवरमालं ।। ८ ।। धरह.

# મુક્તિ - ૪

ધરજો મુક્તિ મોતીમાળા, વરશો મુક્તિબાળા... ધરજો...
સંતોષમાળા ગુણ વિશાળા, આપે સુખ વિશાળા;
જેના હૈયે રહે એ માળા, જીતે લોભ વિકરાળા... ધરજો... ૧

અતિ વરવી તૃષ્ણા-જ્વાળા, પ્રજ્ઞાને કરે મેલી;
ઠારે તેને સંતોષ સુખેથી, જાણે વરસતી હેલી... ધરજો... ૨

લોભ પિશાચ હણે શાતાને, હિંસા ખૂબ મચાવે;
સંતોષમાતા તેને હણે જેમ, મોર સાપને ખાવે... ધરજો... ૩

લાભ વધે તેમ લોભ વધે છે, આશાનો નહિ અંત;
આશાપાશે જે નર બાંધ્યા, કરશે ભ્રમણ અનંત... ધરજો... ૪

સાચું વચન આ અમૃત જેવું, કપિલ મુનિએ કીધું;
કામ હતું બે માસા સોનાનું, ક્રોડ સોનૈયે ન સીધ્યું... ધરજો... ૫

સંતોષ વિનાના નર આ જગમાં, જુઓ ચિહું દિશ ફરતા;
પર્વત ચડતા, ખીણે ભમતા, મહાસાગર પણ તરતા... ધરજો... ૬

સંતોષ વિહૂણા નરને પકડી લોભ-રાક્ષસ બહુ રાચે;
ભક્ષણ કરીને તાળી દેતો, કૂદે ગાયે નાચે... ધરજો... ૭

શાંતિ-સુખ બે પુત્ર મજાના, સંતોષ કેરા શૂરા;
**ધર્મધુરંધર** કાપે ભવને, આપે મુક્તિસુખ પૂરા... ધરજો... ૮

## तवो ( तपः ) - ५

वंदे तव मंगलमुक्किट्ठं - वंदे -

जिणवर गणहर सिट्ठं - वंदे -

दव्व तवो वियरइ संभुत्तिं, जुत्तिजुत्तं दिट्ठं । वंदे १

भावतवो मुत्तिं वित्थरइ, हरइ विग्घमरिट्ठं । वंदे २

अणसणमूणोयरिया वित्ति, -संखेवो वि गरिहं । वंदे ३

रसचाओ कायस्स किलेसो, संलीणया य बहिट्ठं । वंदे ४

पायच्छित्तं विणओ गुणीणं, वेयावच्चं सिट्ठं । वंदे ५

सज्झाओ झाणं उस्सग्गो, तवमब्भिंतरमिट्ठं । वंदे ६

गोयमविण्हुधण्णमुहेहिं तत्तं तव वरिट्ठं । वंदे ७

धम्मधुरंधर तव मंगलओ, पत्तं सुहमइमिट्ठं । वंदे ८

## તપ - ૫

બંધુ ! તપ મંગળ અવધારો... બંધુ !

જિનવર - ગણધર પ્યારો... બંધુ !

દ્રવ્ય તપ આપે સુખ સારા, યુક્તિ એ દિલ ધારો... બંધુ... ૧

ભાવ તપ આપે છે મુક્તિ, વારે વિઘ્ન પ્રચારો... બંધુ... ૨

અણસણ ને ઊણોદરી જાણો, વૃત્તિસંક્ષેપ ઉદારો... બંધુ... ૩

રસત્યાગ, કાયક્લેશ ને સ્થિરતા, બાહ્યતપ છ પ્રકારો... બંધુ... ૪

પ્રાયશ્ચિત્ત ને વિનય સુંદર, વૈયાવચ્ચ સ્વીકારો... બંધુ... ૫

સ્વાધ્યાય-ધ્યાન-કાયાઉત્સર્ગ, અભ્યંતર તપ સારો... બંધુ... ૬

ગૌતમ-વિષ્ણુ-ધન્ના અણગારે, તપ તપ્યા તે સંભારો... બંધુ... ૭

ધર્મધુરંધર મંગલકારી, તપથી લહો ભવપારો... બંધુ... ૮

## संजमो ( संयमः ) - ६

संजम सइण्णवइं बलवंतं-अणुहर-मोहं झत्ति जयंतं-अणुहर-
संजम

संजमगुत्तिगुत्ता सत्ता,
ण भमंतीह दुरंतं । अणुहर १

जाव ण दुद्दम कसाय विरामो
ताव ण चरणं कंतं । अणुहर २

अविरइ वियरइ दुक्खं णियमा,
विरई सुक्खमणंतं । अणुहर ३

लवसत्तमलच्छी पुंडरीयं,
वरइ विरइरइवंतं । अणुहर ४

माघवई वरइ कंडरीयं
दुश्चरणम्मि रमंतं । अणुहर ५

अव्वयकुहरे वयपव्वयओ
पाइ ण कोइ पतंतं । अणुहर ६

णाहि हवइ तं कोइ किलेसो,
वयसिहरे णिवसंतं । अणुहर ७

सत्तरइ चरियं चरियं जेणं,
थुणिमो धुरंधरं तं । अणुहर ८

# સંયમ - ૬

પાળો, સંયમનૃપની આણા...
જે જીતે મોહરાણા... પાળો...
સંયમરક્ષકથી જે રક્ષિત,
તે ન ભવે ભટકાણા... પાળો... ૧

જ્યાં લગી દુર્દમ કષાય ન જીત્યા,
ક્યાંથી ચારિત્ર ટાણા ?... પાળો... ૨

અવિરતિ આપે દુઃખડાં નિશ્ચિત,
વિરતિમાં સુખ લાણાં... પાળો... ૩

પુંડરીક મુનિને વિરતિરતિથી,
લવ સત્તમ સુખ આણાં... પાળો... ૪

કંડરીક જે ચારિત્ર ચૂક્યા,
સાતમીએ પટકાણા... પાળો... ૫

વ્રતશિખરથી નીચે પડતાને,
કોઈ નહિ રખવાળા... પાળો... ૬

વ્રતના શિખરે વસનારાને,
ના'વે દુઃખનાં ટાણાં... પાળો... ૭

ધર્મધુરંધર જે ચારિત્ર પાળે,
તેનાં ગાઉં હું ગાણાં... પાળો...

## सच्चं ( सत्यम् ) - ७

सच्चवयं जियसव्वभयं - वयउ - सच्च -
कोहलोहभयहासपसंगा सेवइ वयणमसच्चं
जेण जणो लहइ महदुक्खं वच्चइ गइं अवच्चं ।। १।। सच्च.

जहिट्ठिलो सच्चवयणओ धम्मणिवत्ति पसिद्धो
वसुराओ मुसावायाओ, णरयं पगओ गिद्धो ।। २।। सच्च.

दत्तपदत्तामरणभया वि सच्चं णहि संचत्तं;
कालयसूरिणा सेयं वरियं सुरसुहमविसंपत्तं ।। ३।। सच्च.

सच्चंपइट्ठाणो जिणधम्मो मच्च अमच्चसमच्चो;
अहमीऽहम्मो सच्चपइट्ठो पीलइ लोयमवच्चो ।। ४।। सच्च.

सव्वसमय समरूवं सूणियं णेइ जणं सुहमिट्ठं ।
खणखणभिन्नसरूवं अणियं अप्पइ कट्ठमणिट्ठं ।। ५।। सच्च.

मुसामूसओ जसमंजूसं कत्तइ मंदं मंदं;
सच्चं सच्चफणीदं पच्चा णस्सइ कंदं कंदं ।। ६।। सच्च.

सव्ववए गिण्हंतु सव्वओ ण कओ जाव मुसंतो;
हवइ तावं सव्वं विहलं सेट्ठिसुओ दिट्ठंतो ।। ७।। सच्च.

मुसावयम्मि रये दुम्मणुये लोयो कुणइ धिद्धी
धम्मधुरंधरसच्चवयाओ रिद्धीसिद्धिपसिद्धी ।। ८।। सच्च.

## સત્ય - ૭

નિર્ભય સત્ય વચન સહુ બોલો...
ક્રોધ-લોભ-ભય-હાસ્ય કારણે, લોક અસત્ય ઉચ્ચારે;
પણ પામે દુઃખ મોટાં એથી, પહોંચે દુર્ગતિ આરે... નિર્ભય...

યુધિષ્ઠિર તો સત્ય વચનથી, ધર્મરાજા કહેવાણા;
મૃષાવાદી વસુરાજા લોભી, જઈ નરકે પટકાણા... નિર્ભય...

દત્તરાજાના દંડ ભયે પણ, સત્ય નહિ જેણે ત્યાગ્યું;
કાલકસૂરિ શ્રેય વર્યા ને, સુખ પામ્યા વણમાગ્યું... નિર્ભય...

જિનનો ધર્મ સત્ય આધારિત, દેવ-મનુષ્ય સ્વીકારે;
અધર્મ છે અસત્ય આધારે, લોકને પીડે ભારે... નિર્ભય...

સત્યનું રૂપ સદાયે સરખું, સત્યથી ઉપજે શાંતિ;
રૂપ અસત્યનું ક્ષણ ક્ષણ જુદું, એ તો આપે અશાંતિ... નિર્ભય...

કીર્તિ-ગઠરીને અસત્ય-મૂષક, ધીરે ફોલી ખાતો;
સત્ય-નાગ જો આવે સામે, ભાગે ચીં ચીં કરતો... નિર્ભય...

લીધાં સર્વ વ્રતો પણ જેણે, સત્યનું વ્રત ના લીધું;
વ્રત સર્વે ટકશે નહીં તેના, શ્રેષ્ઠિ-પુત્રે જેમ કીધું... નિર્ભય...

મૃષાવાદી દુર્જનને લોકો, ધિક્ ધિક્ એમ જ બોલે;
**ધર્મધુરંધર** સત્યવાદી તો, રિદ્ધિ-સિદ્ધિમાં ડોલે... નિર્ભય...

## सोयं ( शौचम् ) - ८

सोयं सोयहरं थुणिमो, विणु सोयं किं कुणिमो - सोयं ।
वत्थविसुद्धी गेहविसुद्धी देहविसुद्धी वि दिट्ठा ।
अप्पविसुद्धी सव्ववरिट्ठा, सोयधम्मम्मि गरिट्ठा ।। १ ।। सोयं.

णिम्मल णाणजलम्मिण्हाणं, किच्चामल अवहरउ ।
सुई होऊणं अच्चउ अरिहं, केवललच्छिं वरउ ।। २ ।। सोयं.

सोय विहीणा दीणा, मलिणत्तं ण चयंति ।
आरुग्गाओ मुत्ता रोगा, विलयं णियं णयंति ।। ३ ।। सोयं.

रागदोससिणेहसिणिद्धो कम्मरयेण विलित्तो ।
जीवो अईव मलिणो तावं, जाव ण सोय पसित्तो ।।४।। सोयं.

जलसोयम्मि सययपसत्ता, सत्ता सत्ते हणंति ।
जलणिस्सियबहुजीयवहाओ, अप्पाणं मलिणंति ।। ५ ।। सोयं.

सोयधम्मसुद्धो णु अप्पा, जयइ पुण्णमयंकं ।
उड्ढं गच्छइ सो णिल्लेवो चयइ सव्वकलंकं ।। ६ ।। सोयं.

सोयं सोयं, सोयं जाव, जवइ अ जो अविरामं ।
सो परमप्पाऽयं जीवप्पा तस्सुभयं अहिरामं ।। ७ ।। सोयं.

मिच्छासोयेणं मेअज्जो, णीयकुले उप्पण्णो ।
धम्मधुरंधरसोयधम्मओ, जाओ सिवसंपण्णो ।। ८ ।। सोयं.

## શૌચ - ૮

શુચિતા શોકહરણ ગુણ સાચો...
શૌચ વિના શું રાચો ?...
વસ્ત્રવિશુદ્ધિ ગૃહવિશુદ્ધિ, દેહવિશુદ્ધિ વખાણો;
આત્મવિશુદ્ધિ સહુથી ઊંચી, શૌચ ધરમ એ જાણો... શુચિતા. ૧

નિર્મળ જ્ઞાનજળમાં નહાજો, અંતર મેલને હરજો;
શુચિ થઈને અરિહા પૂજો, કેવળ લક્ષ્મી વરજો... શુચિતા. ૨

શૌચ વગર જન દીન બને છે, મલિન ભાવ જો ધારે;
રોગ-શોક-સંતાપે પીડ્યા, જાય મૃત્યુને દ્વારે... શુચિતા. ૩

રાગ-દ્વેષથી ચીકણો થાતો, કર્મરજે લેપાતો;
મેલો બનેલો આત્મા એથી, શૌચથી નિર્મળ થાતો... શુચિતા. ૪

જળથી શૌચ માને મૂઢો, હિંસા-મેલ વધારે;
જળઆશ્રિત જીવોને હણતા, શૌચ તો ક્યાંથી ધારે?... શુચિતા. ૫
શૌચ ધર્મથી શુદ્ધ બને તે, નિર્મળ સાચી રીતે,
સર્વ કલંકથી મુક્ત થઈને, ચમકે ચોખ્ખી રીતે... શુચિતા. ૬

શૌચ-શૌચનો જાપ જપે તે, સોહમ્ પદને પાવે,
આત્માનું પરમાત્મા સાથે, મિલન મધુરું થાવે... શુચિતા. ૭

મિથ્યા શૌચ તણા અભિમાને, નીચકુલે જે જન્મ્યા;
ધર્મધુરંધર સાચા શૌચે, મેતારજ શિવ પામ્યા... શુચિતા. ૮

## आकिंचण्णं ( आकिञ्चन्यम् ) - ९

सोहइ परमसुहं सुहधम्ममुहं आकिंचण्णं आकिंचण्णं ।
णवमे रासइ वसइ सइ वि, अवमो सयाइयारी ।
वंको परिग्गहो गहो अयं, लोयतयम्मि वियारी ॥ १ ॥ सोहइ.

परिग्गहगहगहिया जे जीवा, ते तावं सीयंति ।
आकिंचण्णं जाव ण चिण्णं, तओ अणु पसीयंति ॥२॥ सोहइ.

आकिंचण्णं जओ विदूरे, तस्स ण खणमवि संती ।
सुहभावो तम्मि णहि चिट्ठइ, गुणा तओ णस्संति ॥ ३ ॥
सोहइ.

णाणाइगुणगणसंजुत्तो, अत्ता परमरमीसो ।
पुग्गलणिरयो णिजसं चयइ, अजए कम्मविमीसो ॥४॥ सोहइ.

रायराईसर संपययत्ती, सुहकम्मेण पणीया ।
सा पारक्कविहूसणतुल्ला, दुहकम्मेण विणीया ॥ ५ ॥ सोहइ.

आकिंचण्णं जेणुवचरिअं, हवइ तस्स बहुबुद्धी ।
णहि सेवियं तस्स ण किंचण, तस्स ण कत्थवि सुद्धी ॥६ ॥
सोहइ.

जह जह सव्वं करइ दूरे, तह तह सव्वं मीलइ ।
आकिंचण्णं अइअब्भुअं, कोवि ण एयं हीलइ ॥ ७ ॥ सोहइ.

रंको वि एयस्स पसाया, जाओ संपइराया ।
धम्मधुरंधरसुहत्थिमुणिणो, तेणं महिया पाया ॥ ८ ॥ सोहइ.

# આકિંચન્ય - ૯

બંધુ, ધર્મ અપરિગ્રહ સાચો...
અકિંચનભાવે રાચો... બંધુ...
ધનરાશિમાં સદા વસે છે, ઉંધો ને અતિચારી;
પરિગ્રહનો ગ્રહ છે વાંકો, લોકત્રયે જે વિહારી... બંધુ... ૧

પરિગ્રહનો ગ્રહ જેને નડે તે, રહેતા સદાય દુખિયા;
ત્યાગધર્મ અપનાવે જ્યારે, ત્યારે થાતા સુખિયા... બંધુ... ૨

ત્યાગ નથી જેના જીવનમાં, ક્ષણભર શાંતિ ન તેને;
શુભ ભાવો જાગે નહિ હૃદયે, ગુણપ્રાપ્તિ નહિ એને... બંધુ... ૩

જ્ઞાનાદિ ગુણથી જે ભરિયો, તે સાચો ધનવંત;
પુદ્ગલ રસિયો કર્મથી ભરિયો, કરે નિજ શર્મનો અંત... બંધુ... ૪

રાજ-રાજેશ્વરની રિદ્ધિ, એ તો કર્મે દીધી;
એ છે પારકા આભૂષણ જેવી, અશુભ કર્મે લઈ લીધી... બંધુ... ૫

આકિંચન્ય જેણે સાધ્યું, તેની મતિ છે સાચી;
નહિ સાધ્યું તેને શું કહેવું ?, તેની મતિ છે કાચી... બંધુ... ૬

ત્યાગ કરે તેને તો સઘળું, આપોઆપ મળે છે;
ત્યાગીની છે અદ્ભુત વાતો, એને ન કોઈ નડે છે... બંધુ... ૭

રાંક ભિખારી ત્યાગ પ્રતાપે, થયો સંપ્રતિ રાજા;
**ધર્મધુરંધર** સુહસ્તિસૂરિના, ચરણો જેણે પૂજ્યા... બંધુ... ૮

# बंभचेरं (ब्रह्मचर्यम्) - १०

*बंभचेरं चरउ धम्ममेरं - बंभ -*
*संसारम्मि पीलइ कामो, णात्सिय लज्जामुहगुणगामो;*
*सेवाइ वि ण जस्स विरामो हणउ तं अइसेरं ।। १ ।। बंभ.*

*मणमंदिरे जस्स णिवासो, मयणो सो खलु सययपिवासो ।*
*जयइ तं मुणी विजिय विलासो, पावइ गुणउक्केरं ।।२।। बंभ.*

*मुणिणा जेणं णिहओ मारो, कुगइ हियय हर मणहर हारो;*
*किं कुणइ तं सढसंसारो जस्स ण केण वि वेरं ।।३।। बंभ.*

*बाविंसइ णेमि जिणणाहो सज्जणजणगीयसीलगुणगाहो;*
*भट्टो वि मुणी सीलसण्णाहो, जेसिं पयमुच्छेरं ।।४।। बंभ.*

*हियये जस्स ण णच्चइ णारी, तस्स हि कोवि भुवणे णारी;*
*धम्मपहे सो सययविहारी, चरियं तस्सच्छेरं ।। ५।। बंभ.*

*णवविहगुत्ति गुत्ता बंभं, समायरंति जे णि दंभं;*
*ण वि वियलंति दट्ठण रंभं, तेसिमपुव्वं धेरं ।। ६ ।। बंभ.*

*अट्ठारसदससयसीलंगं, धारंति जे णिच्चमभंगं;*
*ते ण लहंति कामपसंगं, तेसिं मुत्ती देरं ।। ७।। बंभ.*

*जेणं धरियो वरवयहारो, सो सुहधम्मधुरंधर सारो;*
*तं णवि मारइ मारवियारो थुणिमो सीलकुबेरं ।। ८।। बंभ.*

## બ્રહ્મચર્ય - ૧૦

બ્રહ્મચર્ય ધરજો હે ! ગુણવંત...
સંસારે સહુને પીડે બહુ કામ, એથી નાશે લજ્જાદિ ગુણગ્રામ,
સ્વચ્છંદી નહિ પામે વિરામ, કરજો તેનો અંત... બ્રહ્મ... ૧

મનમંદિરમાં જેનો નિવાસ, એ મદનની ન છીપે પ્યાસ,
મુનિ જીતે તેનો વિલાસ, પામે ગુણ અનંત... ૨

કુગતિ રમણીનો કંઠહાર, એવા કામનો જીત્યો પ્રચાર,
એ મુનિને શું કરશે સંસાર, જેને નથી કોઈ તંત... ૩

બાવીશમા શ્રી નેમિ જિનરાયા, જેના શીલનાં ગીત ગવાયા,
સ્થૂલિભદ્ર બ્રહ્મચારી સવાયા, પામ્યા પદ જ્વલંત... ૪

નારી રમે નહિ જેના મનમાં, તેને શત્રુ નહિ કોઈ જગમાં,
ધર્મપંથે એ ચાલે સહજમાં, અદ્‌ભુત એવા સંત... ૫

નવવિધ બ્રહ્મચર્યની વાડે, નિર્દંભી જે એ વ્રત પાળે,
તે નવિ ચળશે રંભાને ચાળે, એવા સ્થૈર્ય ધરંત... ૬

અઢાર હજાર શીલના અંગ, ધારે જે મુનિ નિત્ય અભંગ,
તેને ન લાગે કર્મનો સંગ, બનશે મુક્તિના કંત... ૭

જેણે ધર્યો એ મહાવ્રતનો હાર, તે છે **ધર્મધુરંધર** ઉદાર,
સ્પર્શે ન તેને કામવિકાર, વંદો શીલ મહંત... ૮

ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥

આત્માને જાણ્યા પછી બીજું કાંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી, તો અન્ય જ્ઞાન નિરર્થક છે.

(અધ્યાત્મસાર - આત્મનિશ્ચય અધિકાર - શ્લોક - ૨)

## પરિશિષ્ટ - ૧

### ઉપાધ્યાયશ્રી યશોવિજયજી રચિત
### શ્રી યતિધર્મ બત્રીશી - સંજમ બત્રીશી

દોહા

ભવ-યતિ તેહને કહો, જિહાં દશવિધ યતિધર્મ,
કપટ ક્રિયામાં માહાલતા, મહીયા બાંધે કર્મ. ૧

લૌકિક લોકોત્તર **ક્ષમા,** દુવિધ કહી ભગવંત,
તેહમાં લોકોત્તર ક્ષમા, પ્રથમ ધર્મ એ તંત. ૨

વચન ધર્મ નામે કથ્યો, તેહના પણ બિહું ભેદ,
આગમ-વયણે જે ક્ષમા, પ્રથમ ભેદ અપખેદ. ૩

ધર્મ ક્ષમા નિજ સહેજથી, ચંદન-ગંધ-પ્રકાર,
નિરતિચારપણે જાણીએ, પ્રથમ સૂક્ષ્મ અતિચાર. ૪

ઉપકારે ઉપકારથી , લૌકિક વળી વિભાગ,
બહુ અતિચાર ભરી ક્ષમા, નહિ સંજમને લાગ. ૫

બાર કષાય ક્ષય કરી, જે મુનિ-ધર્મ લહાય,
વચન ધર્મ નામે ક્ષમા, તે બહુ તિહાં કહાય. ૬

**મદ્દવ, અજ્જવ, મુત્તિ, તવ,** પંચ ભેદ ઈમ જાણ,
તિહાં પણ ભાવ-નિયંઠને, ચરમ ભેદ પ્રમાણ. ૭

ઈહલોકાદિક કામના, વિણ અણસણ સુખ જોગ,
શુદ્ધ નિર્જરા ફલ કથ્યો, તપ શિવ સુખ સંજોગ. ૮

આશ્રવ દ્વારને રૂંધીએ, ઈંદ્રિય દંડ કષાય,
સત્તર ભેદ **સંજમ** કથ્યો, એહ જ મોક્ષ ઉપાય. ૯

**સત્ય** સૂત્ર અવિરુદ્ધ જે, વચન વિવેક વિશુદ્ધ,
આલોયણ જલ શુદ્ધતા, **શૌચ** ધર્મ અવિરુદ્ધ. ૧૦

ખગ ઉપાય મનમેં ધરો, ધર્મોપગરણ જેહ,
વરજીત ઉપધિ ન આદરે, ભાવ **અકિંચન** તેહ. ૧૧

શીલ વિષમ મનવૃત્તિ જે, **બંભ** તેહ સુપવિત્ત,
હોય અનુત્તર દેવને, વિષય-ત્યાગનું ચિત્ત. ૧૨

એહ દશવિધ યતિ-ધર્મ જે, આરાધે નિત્યમેવ,
મૂલ ઉત્તર ગુણ જતનની, કીજે તેહની સેવ. ૧૩

અંતર-જતના વિણ કિસ્યો, વામ ક્રિયાનો લાગ ?
કેવલ કંચુક પરિહરે, નિરવિષ ન હુએ નાગ. ૧૪

દોષરહિત આહાર લિયે, મનમાં ગારવ રાખ,
તે કેવલ આજીવિકા, સૂયગડાંગની સાખ. ૧૫

નામ ધરાવે ચરણનું, વગર ચરણ ગુણખાણ,
પાપ-શ્રમણ તે જાણીયે, ઉત્તરાધ્યયન પ્રમાણ. ૧૬

શુદ્ધ ક્રિયા ન કરી શકે, તો તું શુદ્ધ ભાખ,
શુદ્ધ-પ્રરૂપક હુંએ કરી, જિન-શાસન-થિતિ રાખ. ૧૭

ઉસન્નો પણ કર્મ-રજ, ટાલે પાલે બોધ,
ચરણ કરણ અનુમોદતાં, ગચ્છાચારે શોધ. ૧૮

હીણો પણ જ્ઞાને અધિક, સુંદર સુરૂચિ વિશાલ,
અલ્પાગમ મુનિ નહિ ભલો, બોલે ઉપદેશમાલ. ૧૯

જ્ઞાનવંત ને કેવલી, દ્રવ્યાદિક અહિનાણ,
બૃહત્ કલ્પ ભાષે વલી સરખા ભાષ્યા જાણ. ૨૦

જ્ઞાનાદિક-ગુણ-મચ્છરી, કષ્ટ કરે તે ફોક,
ગ્રંથિ-ભેદ પણ તસ નહિ, ભૂલે ભોલા લોક. ૨૧

જોડ્યો હાર જવેહરી, જ્ઞાને જ્ઞાની તેમ,
હીણાધિક જાણે ચતુર, મૂરખ જાણે કેમ ? ૨૨

આદર કીધે તેહને, ઉન્મારગ થિર હોય,
બાહ્ય ક્રિયા મત રાચજો, પંચાશક અવલોય. ૨૩

જેહથી મારગ પામીયો, તેહની સાથે થાય,
કૃતઘ્ની તે પાપીયો, નિશ્ચય નરકે જાય. ૨૪

સુંદર-બુદ્ધિપણે કથ્યો, સુંદર શ્રવણ થાય,
જ્ઞાનાદિક વચને કરી, મારગ ચાલ્યો જાય. ૨૫

જ્ઞાનાદિક વચને રહ્યા, સાધે જે શિવ પંથ,
આતમજ્ઞાને ઉજલો, તેહ ભાવ નિર્ગ્રંથ. ૨૬

નિંદક નિશ્ચે નાટકી, બાહ્યરુચિ મતિ-અંધ,
આતમ-જ્ઞાને જે રમે, તેહને તો નહિ બંધ. ૨૭

આતમ-સાખે ધર્મ જે, તિહાં જનનું શું કામ,
જન-મન-રંજન-ધર્મનું, મૂલ ન એક બદામ. ૨૮

જગમાં જન છે બહુ, રુચિ, રુચિ નહિ કોએક,
નિજ હિત હોય તિમ કીજીયે, ગ્રહી પ્રતિજ્ઞા ટેક. ૨૯

દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ,
સંગતિ કીજે સંતની, હુઈએ તેહના દાસ. ૩૦

સમતાસેં લય લાઈયે, ધરી અધ્યાતમ રંગ,
નિંદા તજીયે પર તણી, ભજીયે સંજમ ચંગ. ૩૧

વાચક **જસવિજયે** કહી, એહ મુનિ-હિત વાત,
એહ ભાવ જે મુનિ ધરે તે પામે શિવ સાથ. ૩૨

## પરિશિષ્ટ - ૨
## આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત
## યતિધર્મની સજ્ઝાય

### દુહા

સુકૃત લતા વન સિંચવા, નવ પુષ્કર જલધાર,
પ્રણમી પદયુગ તેહના, ધર્મ તણા દાતાર. ૧
દશવિધ મુનિવર ધરમ જે, તે કહીએ ચારિત્ર,
દ્રવ્ય - ભાવથી આચર્યા, તેહના જન્મ પવિત્ર. ૨
ગુણ વિણ મુનિનું લિંગ જે, કાશ કુસુમ ઉપમાન,
સંસારે તેહવા કર્યા(હ્યાં), અવધિ અનંત પ્રમાણ. ૩
તેહ ભણી મુનિવર તણો, ભાખું(ખ્યો) દશવિધ ધર્મ.
તેહને નિત્ય આરાધતાં, પામીજે શિવશર્મ. ૪
ખંતી મદ્દવ અજ્જવા, મુત્તી તપ ચારિત્ર,
સત્ય શૌચ નિઃસ્પૃહપણું, બ્રહ્મચર્ય સુપવિત્ર. ૫

### ઢાળ - ૧

પહેલો મુનિવર ધર્મ સમાચરો જી, ખંતી ક્રોધ નિરાસ,
સંયમ સાર કહ્યો સમતા (ઉપશમ) છતે જી, સમકિત મૂલ નિવાસ.
પહેલો...૧

સમતા ક્ષીરોદધિને આગળે જી, સુરનર સુખ એક બિંદુ,
પર આશા દાસી તસ નવિ નડે જી, તસ સમ સુરતરુકંદ.
પહેલો...૨

પંચભેદ તિહાં ખંતીતણાં કહ્યાં જી, ઉપકાર ને અપકાર,
તિમ વિપાક વચન વળી ધર્મથી જી, શ્રીજિન જગદાધાર.
પહેલો...૩

પ્રથમ ત્રિવિધ જે ખંતી તણે ગુણે જી, વાધે જસ સૌભાગ્ય,
ચોથી ચઉગતિ વારક પંચમી જી, આતમ અનુભવ લાગ.
પહેલો...૪

પારસ ફરસે રસ કુંપી રસે જી, લોહે હોય જેમ હેમ,
તિમ સમતા રસ ભાવિત આતમા જી, સહજ સરૂપી પ્રેમ.
પહેલો...૫

ઉપશમ કેરી એક લવ આગળે જી, દ્રવ્યક્રિયા મણ લાખ,
ફળ નવિ આપે તે નવિ નિર્જરા જી, એહવી પ્રવચન સાખ.
પહેલો...૬

ખંધકશિષ્ય સુકોશલ મુનિવરા જી, ગજસુકુમાલ મુણીંદ,
કુરગડુ પ્રમુખા જે (મુનિ) કેવલી જી, સમતાના ગુણવૃંદ.
પહેલો...૭

કાર્ય - અકાર્ય હિતાહિત નવિ ગણે જી, ઈહ - પરલોક વિરુદ્ધ,
આપ તપી પરતાપે તપને નાશવે જી, ક્રોધવશે દુર્બુદ્ધ.
પહેલો...૮

શિવસુખ કેરું કારણ છે ક્ષમા જી, સર્વ ધર્મનું મૂલ,
દુરિત ઉપદ્રવ નાશે ખંતીથી જી, જિમ વિદ્યા અનુકૂલ.
પહેલો...૯

એમ જાણીને મૈત્રી આદરો જી, કીજે સમતા સંગ,
જ્ઞાનવિમલસૂરીશ્વર કહે ઈસ્યું જી, ખંતી શિવસુખ અંગ.
પહેલો...૧૦

## ઢાળ - ૨

### દુહા

વિનયતણો એ હેતુ છે, ક્ષમા પ્રથમ ગુણ જાણ,
વિનયાધિષ્ઠિત ગુણ સવિ, તે મૃદુતા અનુમાન...૧

જેમ પડસૂદી(લી) કેવળી, અધિક હોયે આસ્વાદ,
તેમ માર્દવ ગુણથી લહે, સમ્યગ્જ્ઞાન સવાદ...૨

બીજો ધર્મ એ મુનિ તણો, મદ્દવનામેં તે જાણ રે,
મૃદુતા માન નિરાસથી, વિનયાદિક ગુણખાણ રે,
વિનયે શ્રુત સુપ્રમાણ રે, શ્રુત તે વિરતિનું ઠાણ રે,
અનુક્રમે કર્મ નિર્વાણ રે, અનુભવરંગી રે આતમા...૧

મૂક તું માનનો સંગ રે, નિર્મલ ગંગ-તરંગ રે,
જેમ લહે જ્ઞાન પ્રસંગ રે, હોયે અક્ષય અભંગ રે,
સુજશ મહોદય ચંગ રે, સમકિત જ્ઞાન એકંગ રે,
સહજ ગુણે સુખ સંગ રે, અનુભવરંગી રે આતમા...૨

માન મહા વિષધરે ડસ્યા, ન રહે ચેતના તાસ રે,
આઠ મદ ફણાટોપશું, અહનિશિ કરતા અભ્યાસ રે,
ધ્યાન અશુભ જીહ જાસ રે, નયન અરુણ રંગ વાસ રે,
અમરીષ કંચુક પાસ રે, નિત ઉત્કર્ષ વિલાસ રે. અનુભવ...૩

ગુણ લવ દેખીને આપણો, શું મતિમૂઢો તું થાય રે,
દોષ અનંતનો ગેહ છે, પરદોષે મન જાય રે,
તેં વાસી ષટકાય રે, ભાગે અનંત (વિકાય) વેચાય રે,
કાલ અનંત વહાય રે, નહિ કો' શરણ સહાય રે,
કર હવે ધર્મ ઉપાય રે, જીમ લહે શિવપુર ઠાય રે. અનુભવ..૪

જ્ઞાનાદિક મદ વારીયો, જઈ વિહુ ત્રિભુવન રાય રે,
તો શી વાત પરમદ તણી, માનેં લઘુપણું થાય રે,
ખલનું બિરુદ કહાય રે, નહિ તસ વિવેક સહાય રે.
ક્રોધ મતંગ જ ધાય રે, ઢાહે ગુણ વણ રાય રે. અનુભવ..૫

જાતિમદેં જિમ દ્વિજ લહ્યો, ડુંબપણું અતિ નિંદ રે,
કુલમદથી જુઓ ઉપન્યા, દ્વિજ ઘરે વીર જિણંદ રે,
લાભમદે હરિચંદ રે, તપમદે સિંહ નરિંદ રે,
રૂપે સનત નારિંદ રે, શ્રુતમદે સિંહ સૂરીંદ રે. અનુભવ..૬

જ્ઞાન ભલું તસ જાણીયે, જસ મદ વિષ ઉપસંત રે,
તે ભણી જો મદ વાધીયો, તો જલધિથી અનલ ઉઠંત રે,
તરણીથી તિમિર મહંત રે, ચંદથી તાપ ઝરંત રે,
અમૃતથી ગદ હુંત રે, મદ ન કરૈ તેહ સંત રે. અનુભવ..૭

સ્તબ્ધ હોયે પર્વત પરે, ઊર્ધ્વમુખી અભિમાની રે,
ગુરુજનને પણ અવગણે, આપે નહિ બહુમાન રે,
નવિ પામે ગુરુ માન રે, ધર્માદિક વર ધ્યાન રે,
ન લહે તેહ અજ્ઞાન રે, દુર્લભ બોધિ નિદાન રે,
તે લહે દુઃખ અસમાન રે, અનુભવરંગી રે આતમા.અનુભવ..૮

એમ જાણીને રે આતમા, છંડીજે અભિમાન રે,
માર્દવ ગુણ જેમ ઉપજે, વાધે (જગ જસ -જસ બહુ) માન રે,
થાઓ સંયમ સાવધાન રે, નહિ તસ કોઈ ઉપમાન રે,
**જ્ઞાનવિમલ** ધરો ધ્યાન રે, અનુભવ રંગી રે આતમા.અનુભવ.૯

દુહા

મૃદુતા ગુણ તો દૃઢ હોવે, જો મન ઋજુતા હોય,
કોટર રે અગ્નિ રહ્યે છતે, તરુ નવિ પલ્લવ હોય...૧

આર્જવ વિણ નવિ શુદ્ધ છે, અશુદ્ધ ન ધારે ધર્મ,
મોક્ષ ન પામે ધર્મ વિણ, ધર્મ વિના નવિ શર્મ...૨

ઢાળ - ૩

ત્રીજે મુનિવર ધર્મ કહીયે અતિભલો રે, આર્જવ નામે જેહ,
તે ઋજુતા ગુણ માયા નાશ થકી હોવે રે, કપટ તે દુરિતનું ગેહ...૩

મુનિવર ચેતજો રે લેઈ સંયમ સંસાર.
કપટ છે દુર્ગતિનું દાયક શ્રી જિનવર કહે રે, સંયમ થાય અસાર.
મુનિવર...૪

વિષયતણી આશંસા ઈહ પરભવ તણી રે, માનપૂજા જસવાદ,
તપવ્રત શ્રુત રૂપાદિક ગુણના તે કહ્યા રે, સ્તેન પ્રબલ ઉન્માદ.
મુનિવર...૫

તે કિલ્બિષ અવતાર લઈને સંપજે રે, એલમૂક નરભાવ,
નર-તિરિગતિ તસ બહુલી દુર્લભ બોધીયા રે, માયા મોસ પ્રભાવ.
મુનિવર...૬

માયીનર અપરાધ કરે નવિ સહજથી રે, તોહિ તસ વિશ્વાસ,
ન કરે સર્પ તણી પરે કોઈ તેહનો રે, આપદેષે હત આસ.
મુનિવર...૭

શુદ્ધ ચરણધર મહાબલ તપ માયા થકી રે, જેમ જુઓ બાંધ્યો સ્ત્રીવેદ,
તો શું કહેવું વિષયાદિક આશંસનું રે, નિયડિ તણા બહુ ભેદ.
મુનિવર...૮

વંશજાલપરે માયાના ગૂઢ મૂળ છે રે, મોહાદિક અરિવૃંદ,
એહમાં પેસી આતમગુણમણીને હરે રે, નવિ જાણો તે મંદ.
મુનિવર...૯

પરવંચૂ એમ જાણી જે છલ કેળવે રે, તે વંચાયે આપ,
શુભ નર સુરગતિ તેહને જાણો વેગળી રે, પામે અધિક સંતાપ.
મુનિવર...૧૦

મીઠું મનોહર સાકર દૂધ અછૈ ઘણું રે, પણ વિષનો જેમ ભેળ,
તેણી પરે સંયમ માયામિશ્રિત જાણીયે રે, ન લહે સમકિત મેળ.
મુનિવર...૧૧

દૂર થકી પરિહરિયે માયા-સાપિણી રે, પાપિણી ગૂંથે જાળ,
**જ્ઞાનવિમલ** ગુણ અમૃતલહરી છટા થકી રે, દોહગ દુ:ખ વિસરાલ.
મુનિવર...૧૨

દુહા

નિર્લોભી ઋજુતા ધરે, લોભે નહિ મનશુદ્ધિ,
દાવાનલ પરે તેહને, સર્વ ગ્રહણની બુદ્ધિ...મુનિવર...૧

રાજપંથ સવિ વ્યસનનો સર્વનાશ આધાર,
પંડિત લોભને પરિહરે, આદર દીયે ગમાર...મુનિવર...૨

## ઢાળ - ૪

ચોથો મુનિવર ધર્મ એ જાણીયે, મુત્તી નામે અનૂપજી,
લોભતણા જયથી એ સંપજે, નિર્લોભી મુનિ ભૂપજી...મુનિવર.૩

મમતા મ આણો રે મુનિ દિલ આપણે, મમતા દુર્ગતિ ગામોજી,
મમતા સંગે સમતા નવિ મળે, છાયા તપ એક ઠામોજી...મમતા.૪

લોભજલધિ જલલહેરે ઉલટે, લોપે શુભગુણ દેશોજી,
સેતુ કરીજે જિહાં સંતોષનો, નવિ પસરે લવલેશોજી...મમતા.૫

દ્રવ્યોપકરણ દેહ મહિમપણું, અશનપાન પરિવારજી,
ઈત્યાદિકની રે જે ઈહાં ધરે, કેવલ લિંગ પ્રચારજી ...મમતા.૬

લાભાલાભે સુખ-દુઃખ વેદના, જે ન કરે તિલમાત્રજી,
ઉપશમ ઉદય તણો અનુભવ ગણે, જાણે સંયમયાત્રજી...મમતા.૭

લોભ પ્રબલથી રે વિરતિ(થિરતા) નવિ રહે, હોય બહુ સંકલ્પજી,
સજ્ઝાયાદિક ગુણ તસ નવિ વધે, દુર્ધ્યાનાદિક તલ્પજી...મમતા.૮

લોભે ન હણ્યા રે રમણીયે નવિ છળ્યા, ન મળ્યા વિષય કષાયજી,
તે વિરલા જગમાંહિ જાણીયે, ધનધન તેહની માયજી... મમતા.૯

લોભ તણું સ્થાનક નવિ જીતીયું, જઈ(જે) ઉપશાંત કષાયજી,
ચિહું ગતિ ગમન કરાવે તિહાં થકી, પુનરપિ આતમરાયજી.
મમતા.૧૦

તસ કિંકર પરે અમર નિકર સવે, નહિ ઉણતિ તસ કાંઈજી,
જસ આતમ સંતોષે અલંકર્યો, તસ ત્રિભુવન ઠકુરાઈજી. મમતા.૧૧

અનુભવ રસમય ચારિત્ર ફળ ભલું, તે નિર્લોભ પસાયજી,
**જ્ઞાનવિમલ** પ્રભુતા લહે અતિઘણી, ઉદય અધિક તસ થાયજી.
મમતા.૧૨

દુહા

નિર્લોભે ઈચ્છા તણો, રોધ હોય અવિકાર,
કર્મ ખપાવણ તપ કહ્યો, તેહના બાર પ્રકાર...૧

જેહ કષાયને શોષવે, ત્રિસમય ટાળે પાપ,
તે તપ કહીયે નિર્મલો, બીજો તનુ-સંતાપ...૨

**ઢાળ - ૫**

શક્તિ સ્વભાવે તપ કહ્યો રે, પંચમ મુનિવર ધર્મ,
પંચમગતિને પામવા રે, અંગ અછે શુભ મર્મ,
સોભાગી મુનિવર ! તપકીજે અનિદાન એ તો
સમતા સાધન (ધ્યાન-સ્થાન)...સોભાગી....૧

ષડવિધ બાહિર તે કહ્યો રે, અભ્યંતર ષટ ભેદ,
અનાશંસ અગિલાણતા રે, નવિ પામે મન ખેદ...સોભાગી...૨

અણસણ ને ઊણોદરી રે, વૃત્તિસંક્ષેપ રસત્યાગ,
કાયકિલેશ સંલીનતા રે, બહિરતપ ષટવિધ ભાગ...સોભાગી...૩

અશન ત્યાગ અનશન કહ્યો રે, તેહ દુભેદે જાણ,
ઈત્વર યાવત્ કથિક છે રે, તનુ બહુ સમય પ્રમાણ...સોભાગી...૪

ઊણોદરી ત્રણ ભેદની રે, ઉપકરણ અશન પાન,
ક્રોધાદિકના ત્યાગથી રે, ભાવ ઊણોદરી માન...સોભાગી...૫

દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી રે, વૃત્તિસંક્ષેપ એ ચાર,
વિગયાદિક રસત્યાગથી રે, ભાખ્યા અનેક પ્રકાર...સોભાગી...૬

વીરાસનાદિક ઠાયવું રે, લોચાદિક તનુ કલેશ,
સંલીનતા ચઉ ભેદની રે, ઈંદ્રિય યોગ નિવેશ...સોભાગી...૭

એકાંત સ્થલ સેવવું રે, તેમ કષાય સંલીન,
અભ્યંતર તપ ષટ વિધે રે, સેવે મુનિ ગુણલીન...સોભાગી...૮

દશવિધ પ્રાયશ્ચિત ગ્રહે રે, વિનય તે સાત પ્રકાર,
દશવિધ વૈયાવચ્ચ કરે રે, સજ્ઝાય પંચપ્રકાર...સોભાગી...૯

ચાર ધ્યાનમાં દોય ધરે રે, ધર્મ શુક્લ સુવિચાર,
આર્ત રૌદ્ર બિહું પરિહરે રે, એ મુનિવર આચાર...સોભાગ...૧૦

દ્રવ્ય ભાવસ્યું આદરે રે, કાઉસગ્ગ દોય પ્રકાર,
તનુ ઉપધિ ગ(ગુ)ણ અશનાદિકે રે, દ્રવ્ય તે ચાર પ્રકાર...
સોભાગી...૧૧

કર્મ કષાય સંસારનો રે, ભાવકાઉસગ્ગ તિહું ભેદ,
ઈણવિધ બિહું તપ આદરે રે, ધરે સમતા નહિ ખેદ...
સોભાગી...૧૨

સમકિત-ગોરસ શું મિલે રે, **જ્ઞાનવિમલ** ઘૃત રૂપ,
જડતા-જલ દૂરે કરી રે, પ્રગટે આતમરૂપ...સોભાગી...૧૩

## દુહા

કર્મપંક સવિ શોષવે, જો હોય સંયમ આદિ,
યોગસ્થિર સંયમ કહ્યો, અથિર યોગ ઉન્માદ...૧

રૂંધે આશ્રવ દ્વારને, ઈહિ(હ) પરભવ અનિદાન,
તે સંયમ શિવ અંગ છે, મુનિને પરમ નિધાન...૨

## ઢાલ-૬

સાધુજી સંયમ ખપ કરો, અવિચલ સુખ જેમ પામો રે,
આગમ અધિકારી થઈ, મિથ્યામતિ સવિ વામો રે...સાધુજી.૧

છઠ્ઠો મુનિવર ધર્મ છે, સમય સમય શુભ ભાવ રે,
સંયમ નામે તે જાણીયે, ભવજલ તારણ નાવ રે... સાધુજી.૨

થાવર પણ તિગ વિગલિયા, તેમ પંચેંદ્રિય જાણો રે,
યતનાયે સંયમ હોયે, એ નવવિધ ચિત્ત આણો રે... સાધુજી.૩

પુસ્તક પ્રમુખ અજીવનો, સંયમ અણસણે લેવે રે,
નિરખીને જે વિચરવું, પ્રેક્ષા(ષ્ય) સંયમ તે (હેવ-ટેવ) રે. સાધુજી.૪

સીદાતા સુસાધુને, અવલંબનનું દેવું રે,
સંગ અસાધુનો વર્જવો, ઉપેક્ષા સંયમ એહવો રે... સાધુજી.૫

વિધિપદ પ્રમુખ પ્રમાર્જના, પરિઠવણાદિ વિવેક રે,
મન-વચન-તનુ અશુભે કદી, નવિ જોડિયે મુનિલોક રે. સાધુજી. ૬

હિંસા મોસ અદત્ત જે, મૈથુન પરિગ્રહ ત્યાગ રે,
સર્વથી કરણ કરાવણે, અનુમોદન નવિ લાગ રે...સાધુજી...૭

પંચ આશ્રવ અળગા કરે, પંચઈદ્રિય વશ આણે રે,
સ્પર્શન રસન ને ઘ્રાણ જે નયન શ્રવણ એમ જાણે રે..સાધુજી...૮

શુભ મલ્યે રાગ ધરે નહિ, અશુભ (દ્વેષ-રોષ) ન આણે રે,
પુદ્‌ગલ ભાવે સમ રહે, તે સંયમફલ માણે રે...સાધુજી...૯

ક્રોધાદિક ચઉ જય કરે, હાસ્યાદિક તસ માંહિ રે,
એ અનુબંધ ભવદુ:ખ દિયે, એમ જાણે મનમાંહિ રે.સાધુજી.૧૦

તસ અનુદય હેતુ મેળવે, ઉદય અફલતા સાધે રે,
સફલપણે તસ ખામણા, એમ સંસાર ન વાધે રે...સાધુજી.૧૧

જે કરે તેર કષાયનો, અગ્નિ ઉપજતો જાણે રે,
તે તે હેતુ ન મેળવે, તેહિ જ સમતા જાણે રે...સાધુજી...૧૨

તેણે ત્રિભુવન સવિ જીતીયો, જેણે જીત્યા રાગ-દોષ રે,
ન થયો તેહ તેણે વસે, તે ગુણરયણનો કોષ રે...સાધુજી...૧૩

મન-વચ-કાયા દંડ જે, અશુભના અનુબંધ જોડે રે,
તે ત્રણ દંડ ન આદરે, તો ભવબંધન તોડે રે...સાધુજી...૧૪

બંધવ ધન તનુ સુખ તણો, વળી ભયવિગ્રહ છંડે રે,
વળી અહંકૃતિ મમકારના, ત્યાગથી સંયમ મંડે રે.સાધુજી...૧૫

ઈણી પરે સંયમ ભેદ જે, સત્તર તે અંગે આણે રે,
**જ્ઞાનવિમલ** ચઢતી કળા, વધતી સમકિત ઠાણે રે...સાધુજી...૧૬

દુહા

દ્રવ્ય સંયમી બહુવિધ થયો, સિદ્ધિ થઈ નવિ કાંય,
સાકર દૂધ થકી વધે, સન્નિપાત સમુદાય...૧

સત્ય હોય જો તેહમાં, ત્રિકરણ શુદ્ધિ બનાય,
સત્યવંત નિર્માયથી, ભાવ સંયમ ઠહરાય...૨

## ઢાળ - ૭

મુનિવર ધર્મ એ સાતમો, ચિત્ત આણો ગુણવંત,
સત્ય-સહસ્રકર ઊગતે, દંભ-તિમિર તણો અંત રે...
મુનિજન સાંભળો...૧

આદરો એ ગુણ સંતો રે, તરે સહુથી આગળો,
ભાંજે એહથી અત્યંતો રે, ભવ ભય આમળો...
મુનિજન સાંભળો...૨

સત્ય ચતુર્વિધ જિન કહે, નહિ પરદર્શનમાંહિ,
અવિસંવાદ તે યોગ જે, નયગમ ભંગ પ્રવાહી રે.
મુનિજન સાંભળો...૩

મૂલોત્તર વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ,
જિણવિધ જેમ અંગીકર્યું, નિર્વહેવું તેમ તેહ રે...
મુનિજન સાંભળો...૪

અકુટિલતા ભાવે કરી, મનવચતનુ નિરમાય,
એ ચઉવિહ સત્યે કરી, આતમગુણ સ્થિર થાય રે...
મુનિજન સાંભળો...૫

જેમ ભાખે તિમ આચરે, શુદ્ધપણે નિર્લોભ,
ગુણરાગી નિયતાદિકે, નિજરૂપે થિર થોભ રે...
મુનિજન સાંભળો...૬

સત્યે સત્ત્વપણું વધે, સત્ત્વે સહજ સ્વભાવ,
પ્રકટે નિકટ ન આવહિ, દુર્ધ્યાનાદિ વિભાવ રે...
મુનિજન સાંભળો...૭

સત્ય સુકૃતનો સુરતરુ, ધર્મ તો ધુરિ કંદ,
તપ તુલના પણ નવિ કરે, દૂરે ભવ ભય ફંદ રે...
મુનિજન સાંભળો...૮

સત્યે સમકિત ગુણ વધે, અસત્યે ભવદુઃખ થાય,
સત્ય વદંતા પ્રભુ તણી, આણા નવિ લોપાય રે...
મુનિજન સાંભળો...૯

એક અસત્ય થકી જુઓ, રૂલે ચઉગતિ સંસાર,
વસુ પર્વત પ્રમુખા બહુ, તેહના છે અધિકાર રે...
મુનિજન સાંભળો...૧૦

સત્યપણું ભવિ ! આદરો, સકલ ધર્મનું સાર,
**જ્ઞાનવિમલ** ગુણ આશ્રયી, સમજો શાસ્ત્ર વિચાર રે...
મુનિજન સાંભળો...૧૧

## દુહા

ભાવ શૌચથી સત્યતા, મનશુદ્ધિ તે હોય,
દ્રવ્ય શૌચ સ્નાનાદિકે, પાપ પંક નવિ ધોય....૧

જો જળથી કલિમલ ટળે, તો જલચર સવિ જીવ,
સદ્ગતિ પામે સર્વથા, અવિરતિ તાસ અતીવ...૨

## ઢાળ - ૮

શૌચ કહીજે આઠમોજી, મુનિવર કેરો ધર્મ,
અંતરમલ નાશે લહેજી, પરમ મુક્તિનું શર્મ, સલુણા!
સંયમફળ રસ ચાખ
વિષયાદિક વિષ ફુલડેજી, તિહાં રસીયું મન અલિ રાખ.
સંયમફળરસ ચાખ..૧

તીર્થંકર ગુરુ સ્વામીનોજી, જીવ અદત્ત ચઉ ભેદ,
પાવન મન સવિ વિરતિથીજી, ભાવ શૌચ ભવ છેદ...
સંયમફળરસ ચાખ...૨

કહણી-રહણી સારિખીજી, જિનવચન અનુસાર,
લેશ નહિ જ્યાં દંભનોજી, અહનિશ નિરતિચાર...
સંયમફળરસ ચાખ..૩

ભાવે બારહ ભાવનાજી, અનિત્યપણાદિક જેહ,
પંચ મહાવ્રતની વળીજી, પણવીસ ભાવે તેહ...
સંયમફળરસ ચાખ...૪

જ્ઞાન અભય વળી જાણીયેજી, ધર્માલંબન દાન,
મન-વચ-તનુ તપ ત્રિહું વિધેજી, વિનય ભણન મન ઠામ...
સંયમફળરસ ચાખ...૫

રાજસ તામસ સાત્ત્વિકેજી, તપ વળી ત્રિવિધ પ્રકાર,
તેહમાં સાત્ત્વિક આદરેજી, શ્રદ્ધા ગુણ આધાર...
સંયમફળરસ ચાખ...૬

ભક્તપાન ઉપકરણનેજી, ગ્રહણ કરે નિર્દોષ,
અનાશંસ નિર્માયથીજી, ભાવ શૌચ મલ શો(જો)ય...
સંયમફળરસ ચાખ...૭

માહણ શ્રમણ દયા પરાજી, ભિક્ષુ નિગ્રંથ વખાણ,
એ ચઉનામે સુયગડેજી, સોલમે અધ્યયને જાણ...
સંયમફળરસ ચાખ...૮

**જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણીજી, તસ સુખનો નહિ પાર,
ભાવશૌચ પીયુષમાંજી, જે ઝીલે નિરધાર...
સંયમફળરસ ચાખ...૯

દુહા

મન પાવન તો નીપજે, જો હોય નિઃસ્પૃહ ભાવ,
તૃષ્ણા મોહથી વેગળા, તેહિજ સહજ સ્વભાવ...૧

અરિહંતાદિક પદ જીકો, નિર્મલ આતમ ભાવ,
તેહ અકિંચનતા કહી, નિરુપાધિક અવિભાવ...૨

**ઢાળ - ૯**

નવમો મુનિવર ધર્મ સમાચરો, અમલ અકિંચન નામ, સુગુણનર!
આશંસા ઈહભવ પરભવતણી, નવિ કીજે ગુણ ધામ. સુગુણનર!
ચતુર સનેહી અનુભવ આતમા.

ઉપાવે પ્રમુખ જે સંયમ હેતુને, ધારે ધર્મને કામ, સુગુણનર!
લજ્જાદિક કારણ પણ દાખીયો, અશનાદિક જેમ જાણ.
સુગુણનર! ૨

મૂર્છા પરિગ્રહ જિનવરે ભાખીયો, ગૃદ્ધ સ્વભાવે રે જેહ,
ધર્માલંબન હે તે નવિ કહ્યો, સંયમ ગુણ ધરે જેહ.
સુગુણનર! ૩

ગામનગર કુલ ગણ બહુ(સંગતિ-સંઘની)વસતિ વિભૂષણ દેહ,
મમકારાદિક યોગે નવિ ધરે, ઉદય સ્વભાવમાં તેહ.
સુગુણનર! ૪

નિંદા સ્તુતિ રૂસે તુસે નહિ, નવિ વર્તે પર ભાવ,
સુખ દુઃખે આપ સ્વરૂપ ન પાલટે, કર્મ પ્રકૃતિ ચિત્ત લાવ.
સુગુણનર! ૫

મોહમદન મદ રાગથી વેગળા, ત્રિકરણ શદ્ધ આચાર,
એહવા સુવિહિત જે સુખ અનુભવે, જીવન મુક્તિ પ્રકા(ચા)ર.
સુગુણનર! ૬

પર આશા નંદાસન જે અછે, સંપૂરણ સુખખાણ,
કંચન કંકર (કથિર) સ્ત્રીગણ, તૃણ સમો ભવ શિવ સમ વડમાન.
સુગુણનર! ૭

આકિંચન્ય—કહ્યો ગુણ, ભાવથી મમકારાદિ અલેપ,
જાત્ય તુરંગ જિમ ભવ્ય, વિભૂષણે ન ધરે ચિત્ત આક્ષેપ.
સુગુણનર! ૮

સહજ વિનાશી પુદ્ગલ ધર્મ છે, કિમ હોય થિરભાવ,
**જ્ઞાનવિમલ** અનુભવ ગુણ આપણો, અક્ષય અનંત સભાવ.
સુગુણનર! ૯

દુહા

તેહ અકિંચન ગુણ થકી, હોવે નિર્મલ શીલ,
કિંકર સુરનર તેહના અવિચલ પાળે લીલ...૧

સંકટ નિકટ આવે નહિ, જેહને શીલ સહાય,
દુઃખ દુર્ગતિ દૌર્ભાગ્ય સવિ, પાતક દૂર પલાય...૨

## ઢાળ ૧૦

બ્રહ્મચર્ય દશમો કહ્યોજી, મુનિવર કેરો ધર્મ,
સકલ સુકૃતનું સાર છે જી, ઈહ પરભવ લહે શર્મ,
બલિહારી તેહની, શીલ સુગંધા સાધુ...૧

માત-પિતા ધન તેહનાજી, ધન ધન તસ અવતાર,
વિષય વિષે નવિ ધારિયાજી, અનુભવ અમૃતભંડાર...
બલિહારી...૨

ઔદારિક વૈક્રિય તણાજી, નવ નવ ભેદ અઢાર,
કૃત કારિતને અનુમતેજી, મન વચ કાય વિચાર...
બલિહારી...૩

સંજ્ઞાદિક યોગે કરીજી, જે હોય સહસ અઢાર,
શીલરથ કહીજે તેહનેજી, સજ્ઝાયાદિ વિચાર...
બલિહારી...૪

સમિતિ-ગુપ્તિને ભાવતાંજી, ચરણ-કરણ પરિણામ,
આવશ્યક પડિલેહણાજી, અહનિશ કરે (લેહ) સાવધાન...
બલિહારી...૫

સમાચારી દશવિધેજી, ઈચ્છાદિક ચક્કવાલ,
પદવિભાગ, નિશીથાદિકેજી, ઓઘ પ્રમુખ પરનાલ...
બલિહારી...૬

સદાચાર એમ દાખીયેજી, શીલ સરૂપે નામ,
એણી પરે ત્રિવિધે જે ધરેજી, તે ગુણરયણ નિધાન...
બલિહારી...૭

તે ત્રિભુવન ચૂડામણીજી, વિશ્વ તણા આધાર,
દ્રવ્ય-ભાવ ગુણરયણનાજી, નિધિ સમજે અણગાર...
બલિહારી...૮

જીણ જીણ ભાસે(ભાવ) વિરાગતાજી, પામે દૃઢતા રૂપ,
ત્રિવિધ ત્રિવિધે તે આદરેજી, અતુલબલી મુનિભૂપ...
બલિહારી...૯

જેણે સંયમ આરાધીયોજી, કરતલે શિવસુખ તાસ,
**જ્ઞાનવિમલ** ચઢતી કળાજી, પ્રગટે પરમપ્રકાશ...
બલિહારી...૧૦

દુહા

ધૃતિ-હાથો મન કીલિકા, ક્ષમા માંકડી જાણ,
કર્મ ધાન્યને પીસવા, ભાવ ઘરટ્ટ શુભ આણ...૧

એ દશવિધ મુનિધર્મનો, ભાખ્યો એહ સઝાય,
એહને અંગે આણતાં, ભવભય ભાવઠ જાય...૨

પરમાનંદ વિલાસમાં, અહનિશિ કરે ઝકોલ,
શિવસુંદરી અંકે રમે, કરી કટાક્ષ કલોલ...૩

**ઢાળ ૧૧**

એહવા મુનિ ગુણરયણના દરિયા, ઉપશમ-રસ-જલ ભરીયાજી,
નયગમ તટિની ગણ પરિવરિયા, જિનમારગ અનુસરિયાજી...
તે તરીયા ભાઈ તે તરીયા...૧

અતિ નિર્માયપણે કરે કિરિયા, ધન ધન તેહના પરિયાજી,
છંડે અશુભ વિયોગે કિરિયા ચરણભવન ઠાકુરિયાજી...
એહવા...૨

અહનિશિ સમતા-વનિતા વરીયા, પરિસહથી નવિ ડરીયાજી,
હિતશીખે ભવિજન ઉદ્ધરીયા, ક્રોધાદિક સવિ ઠરીયાજી...
એહવા...૩

શીલ સન્નાહે જે પાખરીયા, કર્મ કર્યા ખાખરીયાજી,
જેહથી અવગુણ ગણ થરહરીયા, નિકટે તેહ ન રહીયાજી.
એહવા...૪

વીર વચન ભાખે સાકરીયા, નહિ આશા ચાકરીયાજી,
**જ્ઞાનવિમલ** પ્રભુ જેણે શિર ધરીયા, તસ જસ જગે વિસ્તરીયાજી.
એહવા...૫

કળશ :

એમ ધર્મ મુનિવર તણો, દશ વિધ કહ્યો શ્રુત અનુસાર એ,
ભવિ એહ આરાધો સુખ સાધો, જિમ લહો ભવપાર એ...૧

શ્રી **જ્ઞાનવિમલસૂરીંદ** પભણે, રહી સુરત ચૌમાસ એ,
કવિ સુખ સાગર કહણથી એ, કર્યો એમ અભ્યાસ એ...૨

આદર કરીને એહ અંગે, ગુણ આણવા ખપ કરે,
ભવપરંપર પ્રબલ સાગર, સહજ ભાવે તે તરે...૩

એમ ગુણ વિશાલા કુસુમમાલા, જેહ જન કંઠે ઠવે,
તે સયલ મંગલ કુશલકમલા, સુજશ લીલા અનુભવે...૪

## પરિશિષ્ટ - ૩

# જ્ઞાનવિમલસૂરિકૃત દશવિધ યતિધર્મ સજ્ઝાય : સાધુ-શ્રાવકજીવન અજવાળવાની અપૂર્વ માર્ગદર્શિકા

જૈન કવિની પ્રિય તત્ત્વસભર રચનાની વાત આવે ત્યારે મારા ચિત્તમાં આનંદઘનજીની પદાવલીનાં મધુર અને ગૂઢ પદો તો મનોવિશ્વમાં સતત રમે છે. કવિ કહે છે : 'અંજલીજલ જ્યું આયુ ઘટત હે, જ્યું જાને ત્યું કર લે ભલાઈ. ઈસ તન મન ધનકી કૌન વડાઈ.' તો ઉપાધ્યાય યશોવિજયજી મ.ની જીવનપથ અજવાળતી, પ્રેમલજ્યોતિનો પ્રકાશ પાથરતી રચના 'ચેતન જ્ઞાન અજુવાળીયે' પણ ચિત્તના ઓરડાને અજવાળે છે. પરંતુ આજે મારા ચિત્તમાં આ પ્રમાણમાં પ્રસિદ્ધ રચનાઓને પ્રેમપૂર્વક હૃદયમાં સ્મરી જ્ઞાનવિમલસૂરિની દશવિધ યતિધર્મ સજ્ઝાયમાં રહેલી અનોખી તત્ત્વસભરતાની વાત કરવી છે.

દશવિધ યતિધર્મ એ જૈન સાધુની સાધુજીવનની સાધનાનો અગત્યનો ભાગ છે. જ્યારે મુમુક્ષુ દીક્ષા ધારણ કરે ત્યારે પંચમહાવ્રતનો સ્વીકાર કરે છે, તે તેની સંસારથી નિવૃત્તિને દર્શાવનાર છે, એટલે કે સંસાર છોડવારૂપ **Negative** સાધના છે. તો એ મુમુક્ષુએ એની સાથે જ દશવિધ યતિધર્મની સાધના કરી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિરૂપ **Positive** સાધના કર્યા વગર કેવળ નેગેટીવ સાધના સાધકને મોક્ષમાર્ગમાં વાસ્તવમાં પ્રવૃત્ત કરી શકતી નથી.

'યતિધર્મ' શબ્દમાં રહેલ 'યતિ' શબ્દમાં સંસ્કૃતનો 'યત્' શબ્દ રહ્યો છે. 'યત્' એટલે પ્રયત્ન દ્વારા જે સાધી શકાય, 'યતિ' એટલે જે મોક્ષમાર્ગ માટે પ્રવૃત છે, પ્રયત્ન કરે છે. આ દશવિધ યતિધર્મો

સાધકને મોક્ષમાર્ગમાં જોડે છે. યોગશાસ્ત્રમાં કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પણ આ યતિધર્મ વિશે કહે છે.

दुर्गतिप्रपत्प्राणि धारणाद्धर्म उच्यते।
संयमादिर्दशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥

દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને તેમાંથી બચાવી, તેઓનું રક્ષણ કરે તેનું નામ ધર્મ છે. અને તે સંયમાદિ દસ પ્રકારનો સર્વજ્ઞનો કહેલો ધર્મ મોક્ષને માટે થાય છે.

એ જ રીતે 'નવતત્ત્વપ્રકરણ' આદિ પ્રાચીન ગ્રંથોમાં પણ આ ધર્મોનો ઉલ્લેખ કરાયો છે. આવો યતિધર્મ કે દિગંબર સંપ્રદાયમાં જે દશવિધ યતિધર્મ માટે દશલક્ષણ પર્વ ઉજવવામાં આવે છે એ દશવિધ યતિધર્મની સાધના કઈ રીતે કરી શકાય તેની મનોહર સમજણ આ અગિયાર ઢાળમાં ફેલાયેલી મનોહર રચનામાં અપાઈ છે.

કવિ દશવિધ યતિધર્મની ભૂમિકા બાંધતાં કહે છે :

'દશવિધ મુનિવર ધરમ જે, તે કહીએ ચારિત્ર,
દ્રવ્યભાવથી આચર્યા, તેહના જન્મ પવિત્ર. ૨

ગુણ વિના મુનિનું લિંગ જે, કાશ કુસુમ ઉપમાન,
સંસારે તેહવા કર્યા, અવધિ અનંત પ્રમાણ. ૩

તેહ ભણી મુનિવર તણો, ભાખું દશવિધ ધર્મ,
તેહને નિત્ય આરાધતાં, પામીજે શિવશર્મ. ૪

દશવિધ યતિધર્મમાં પ્રથમ ધર્મ 'ક્ષમા'ને વર્ણવતાં આચાર્ય મહારાજ કહે છે કે સંયમ એ મુનિજીવનનો સાર છે. કવિ ક્ષમાના પાંચ પ્રકાર વર્ણવી સ્વભાવ ક્ષમાને શ્રેષ્ઠ તેમ જ આત્માના અનુભવ તરીકે ઓળખાવે છે. વળી ઉપશમના એક બિંદુ આગળ લાખો મણ દ્રવ્યક્રિયા નિરર્થક છે, એમ કહી ક્ષમાનો મહિમા વર્ણવે છે.

બીજા મૃદુતા ગુણને વિનયના પાયારૂપે વર્ણવે છે. ક્ષમાથી વિનયગુણ સિદ્ધ થાય છે. આ મૃદુતાથી સમ્યક્ત્વનો વધુ આસ્વાદ આવે છે. બાસુંદીને વધુ સ્વાદિષ્ટ બનાવવા વધુ ઘટ્ટ બનાવવી પડે છે, એમ આત્માનો પણ ગુણોનો સ્વાદ અનુભવવા આત્માને નમ્ર બનાવવો પડે છે. કવિ કહે છે કે, મૃદુતાથી વિનય સધાય છે. વિનયથી શ્રુત, શ્રુતથી ચારિત્ર અને ચારિત્રથી મુક્તિ સધાય છે.

કવિ આઠ મદોને વારવા માટે નમ્રતા-મૃદુતા ગુણ કેળવવા પર ભાર મૂકે છે. તેમ જ જ્ઞાનનો પણ ગર્વ ન કરવા સૂચવે છે. જ્ઞાનના ગર્વ અંગે કવિ કહે છે.

'જ્ઞાન ભલું તસ જાણીયે, જસ મદ વિષ ઉપસંત રે,
તે ભણી જો મદ વાધીયો, તો જલધિથી અનલ ઉઠંત રે,
તરણીથી તિમિર મહંત રે, ચંદથી તાપ ઝરંત રે,
અમૃતથી ગદ હુંત રે, મદ ન કરે તેહ સંત રે.'૭ (ઢાળ ૨)

આ નમ્રતાના પાયામાં ઋજુતા હોવી જરૂરી છે. સાધકનું મન સરળ હોય તો જ તે નમ્ર બની શકે. વૃક્ષના બખોલમાં અગ્નિ રહ્યો હોય તો વૃક્ષ નવપલ્લવ ન થાય, તેમ હૃદયમાં ઋજુતા વિના બીજા ગુણો ખીલી શકતા નથી. ઋજુતાથી માયાનો પ્રતિકાર થાય છે.

કવિ માયાના રૂપને વર્ણવતાં કહે છે -

'દૂર થકી પરિહરિયે માયા સાપિણી રે, પાપિણી ગૂંથે જાળ,
જ્ઞાનવિમલ ગુણ અમૃતલહરી છટા થકી રે, દોહગ દુઃખ વિસાર'.

જે વ્યક્તિ નિર્લોભી હોય એ જ સાચો ઋજુ હોઈ શકે. લોભી વ્યક્તિ પોતાના સ્વાર્થના પ્રભાવે વક્ર બને છે, આથી ઋજુતાના પાયામાં પણ નિર્લોભપણું - મુત્તીગુણને વર્ણવે છે.

લોભ-મમતાદિ ભાવો તેમ જ સમતાનું એકસ્થાને અસંભવત્વ વર્ણવતાં કહે છે.

'મમતા સંગે સમતા નવિ મળે, છાયા તપ એક ઠામોજી,'

તડકો અને છાંયડો એક સાથે રહી શકતા નથી, તેમ મમતા-સમતા સાથે ન રહી શકે.

તો આ લોભનો પ્રતિકાર સંતોષ દ્વારા કેવી રીતે કરી શકાય તે વર્ણવતાં કહે છે.

લોભ જલધિજલ લહેરે ઉલટે, લોપે શુભ ગુણ દેશોજી,

સેતુ કરીજે જિહાં સંતોષનો, નવિ પસરે લવલેશોજી. ૫

સંતોષરૂપી સેતુ બનાવ્યા પછી લોભસમુદ્રનું જળ શુભ ગુણોને નષ્ટ કરવા આવી શકતું નથી.

કવિ અહીં પ્રથમ ચાર યતિધર્મ વડે મનુષ્યજીવનમાં મૂંઝવતા ક્રોધ-માન-માયા-લોભ રૂપ ચાર કષાયોના પ્રતિકાર કરવાની અપૂર્વ ચાવીઓ ક્ષમા, નમ્રતા, ઋજુતા અને સંતોષ ગુણ દ્વારા દર્શાવે છે.

હવે સાધક વધુ ઉચ્ચતર ગુણો માટે તત્પર બને એ માટેની ભૂમિકા રચાઈ છે. આ ચાર ગુણવાળો સાધક સાચી તપશ્ચર્યા કરી શકે. નિર્લોભ હોય તે પોતાની ઈચ્છાના જયરૂપી તપને યથાર્થપણે કરી શકે, એમ કહી કવિ તપના બાર પ્રકાર વર્ણવે છે. ઊણોદરી તપને વર્ણવતાં કવિ કહે છે, અલ્પ ભોજન તે બાહ્ય ઊણોદરી છે, પરંતુ ક્રોધ આદિ કષાયનો ત્યાગ તે ભાવ ઊણોદરી છે, એ જ રીતે વિવિધ બાર પ્રકારનાં તપો વર્ણવી કવિ અંતે કહે છે, સમકિતરૂપી ગોરસનું તપ દ્વારા વલોણું કરવાથી આત્માનું જ્ઞાનથી વિમલ ઘૃતરૂપ પ્રગટ થાય છે.

ત્યાર બાદ છઠ્ઠા સંયમ ધર્મને વર્ણવતાં કવિ કહે છે-

'છઠ્ઠો મુનિવર ધર્મ છે, સમય સમય શુભ ભાવ,

સંયમ નામે તે જાણીયે, ભવજલ તારણ નાવ.' (ઢાળ ૬-૨)

કેટલીય વ્યક્તિઓ દ્રવ્યસંયમી થઈ જાય છે, પરંતુ ભાવસંયમની આરાધનામાં મન-વચન-કાયાની એકાગ્રતારૂપ સત્યની સાધના જોઈએ. આ સત્યની સાધનાથી જ આત્મા અકુટિલ-લુચ્ચાઈ વગર શુદ્ધ ભાવની પ્રાપ્તિ કરી શકે.

સાધુએ સત્યની આરાધના કેવી રીતે કરવાની છે તે દર્શાવતાં કહે છે -

'મૂલોત્તર વ્રત ભેદ જે, મૈત્ર્યાદિક ગુણ જેહ,
જિણવિધ જેમ અંગીકર્યું, નિર્વહવું તેમ તેહ રે. (ઢાળ ૭-૪)

આ સત્યના આચરણ માટે મનની શુદ્ધિ જોઈએ. આ મનની શુદ્ધિ ભાવશૌચ ધર્મ દ્વારા સિદ્ધ થાય છે, એમ કવિ દર્શાવે છે.

આ ભાવશૌચ મુનિ ભગવંત કેવી રીતે સિદ્ધ કરે છે એ વર્ણવતાં કહે છે -

'ભાવે બારહ ભાવનાજી, અનિત્યાદિક જેહ,
લેશ નહિ જ્યાં દંભનોજી, અહનિશ નિરતિચાર.' (ઢાળ ૮-૪)

આ બાર ભાવનાઓની નિર્મળતાપૂર્વકની સાધના એટલે સંસારની અનિત્યતા, અસારતા, વિચિત્રતાનું ચિંતન કે જેથી મન સંસારની ગંદકીમાં પાછું ડૂબકી ન લગાવે, અને અરિહંત પરમાત્માને ત્રિજગતના શરણ માની એમના ચરણમાં સાધકનું ચિત્ત નિશદિન ડૂબેલું રહે. વળી, એ પરમપ્રભુની સેવામાં ડૂબેલું મન નિરંતર તેમના પ્રરૂપેલા પંચ મહાવ્રતોમાં નિશદિન ડૂબેલું રહે છે. જેથી સંસારનો અશુભવિચારોનો મલ સ્પર્શી શકતો નથી.

આ શૌચ, મનની પાવનતાના પણ પાયારૂપે અકિંચન ભાવનો મહિમા વર્ણવે છે. ચોથો મુત્તિ-સંતોષ ગુણ તેમ જ નવમો અકિંચન ગુણ આમ તો ઉપરછલ્લી રીતે જ સરખા અનુભવાય, પરંતુ બે

વચ્ચે સૂક્ષ્મ ભેદ રહ્યો છે. સંતોષ ગુણમાં સાધક મુખ્યત્વે આ ભવ સંબંધિત ભૌતિક પદાર્થોથી નિઃસ્પૃહતા કેળવે છે, તો અહીં અકિંચન ભાવથી સાધક આ ભવ પરભવની સર્વ ઈચ્છાઓ, વાસનાઓ પર વિજય મેળવે છે. એટલું જ નહિ, સાધક

'નિંદા સ્તુતિ રૂસે તુસે નહિ, નવિ વર્તે પર ભાવ,

સુખ દુઃખે આપ સ્વરૂપ ન પાલટે, કર્મ પ્રકૃતિ ચિત્ત લાવ' (ઢાળ ૯-૫)

આમ અકિંચનગુણ એ નિઃસ્પૃહતા અને આત્મસ્વભાવની રમણતાને દર્શાવે છે. આ સાધક જગતની બહારની પૌદ્‌ગલિક હલચલથી સંપૂર્ણ નિઃસ્પૃહ બને છે.

જે વ્યક્તિ ખરો અકિંચન હોય તે જ સાચા બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. આ બ્રહ્મચર્યના પાલન કરનારને 'શીલ સુગંધા સાધુ' કહી તેને ભાવપૂર્ણ વંદન કરે છે. તેમ જ આ મુનિ માટે કહે છે.

'માત પિતા ધન તેહનાજી, ધન ધન તસ અવતાર,

વિષય વિષે નવિ ધારિયાજી, અનુભવ અમૃત ભંડાર...૨

કવિ અંતે કહે છે કે, આ દશવિધ યતિધર્મ પાપોને દળવાની ઘંટી છે. આ દશવિધ યતિધર્મ આરાધે છે, તે ચારિત્રધર્મના વાસ્તવિક માલિક બને છે. કવિ કહે છે 'તે ચરણભવનના ઠાકુરિયાજી.' (ઢાળ ૧૧-૨)

આ યતિધર્મના પરિણામે સાધુ ભગવતી આદિ સૂત્રમાં વર્ણવેલા પ્રથમ દિવસે વાણવ્યંતર દેવના સુખથી વધુ સુખનો અનુભવ કરે, ત્યાંથી માંડી એક વર્ષના અંતે અનુત્તર દેવના સુખને અતિક્રમે એ યતિધર્મની સાધના દ્વારા જ શક્ય બને છે. ઉપાધ્યાય યશોવિજયજી પણ નવપદપૂજામાં સાધુના ગુણોનું વર્ણન કરતાં કહે છે, એક વર્ષના પર્યાયથી વધુ પર્યાયવાળા સાધુનું આત્મિક સુખ અનુત્તર વિમાનના દેવતાના સુખથી વિશેષ હોય. 'તેહથી અનુત્તર અનુક્રમીયે રે.'

આ મુનિ-ધર્મોને સમજવાથી શ્રાવક પણ પોતાના જીવનમાં કષાયો પર વિજય મેળવી સંયમ નિઃસ્પૃહતા, તેમ જ આત્મ સ્વભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરનાર બને. શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરિત્રકાર પાર્શ્વનાથ ભગવાન બીજા ભવમાં હાથી હોવા છતાં તેમને 'ભાવયતિ' તરીકે વર્ણવે છે. આ 'ભાવયતિ' પણું હાથીના ભવમાં મુનિદેશનાના પરિણામે સિદ્ધ કરેલા 'ક્ષમા' આદિ આંતરિક ગુણોને લીધે ઉત્પન્ન થયું છે. પ્રભુના આત્માએ ક્રમશઃ ક્ષમા, માર્દવ, સંતોષ આદિ ગુણોમાં વિકાસ સાધ્યો, જેથી દસમા ભવે તીર્થંકરત્વ પ્રાપ્ત કર્યું. સર્પદંશ, બાણવેધ આદિ ઘાતક ઉપસર્ગોમાં પણ સમતા જાળવવાને પરિણામે દસમા ભવમાં કમઠ અને ધરણેન્દ્ર બન્ને પ્રત્યે સમાન ભાવ ધારણ કરનારા બન્યા.

આવા દસ ભવની સાધના ધરાવતા તેમ જ પોષ માસની દસમના મંગલમય દિને જન્મકલ્યાણકથી શોભતા શ્રી પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરી આપણા જીવનમાં પણ દશવિધ યતિધર્મની સાધના પ્રગટ થાય એવી પ્રાર્થના કરીએ.

---

સંદર્ભ :- જ્ઞાનવિમલ સઝાય સંગ્રહ

સં. કીર્તિદા શાહ, અભય દોશી પૃ. ૫૦ થી ૬૨

KIRIT GRAPHICS
079-25352602